GJAH230005142017

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ:- | ૨૩/૧૦/૨૦૧૨ | | |
| નોંધણી તારીખ:- | ૨૩/૧૦/૨૦૧૨ | | |
| ફેંસલ તારીખ:- | ૨૧/૦૭/૨૦૨૬ | | |
| | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| **સમયગાળો:-** | ૧૩ | ૦૯ | ૦૨ |

# ધોલેરાના મહે. પ્રિન્સીપાલ સિવીલ જજ સાહેબની કોર્ટમા, મુ: ધોલેરા

**રે.દિ.મુ.નં-૭૫/૨૦૧૭**
**આંક-**

(૧) રંજનબેન તે કાળુભાઈ તળશીભાઈ કો. પટેલ
(રાઠોડ)ની વિધવા તે ચેલાભાઈ દેવાભાઈ ની દિકરી
ઉ.વ.-પુખ્ત ,ધંધો-ઘરકામ,
(૨) અજયભાઈ કાળુભાઈ, ઉ.વ.,પુખ્ત, ધંધો-અભ્યાસ
(૩) અલ્પેશભાઈ કાળુભાઈ, ઉ.વ. પુખ્ત, ધંધો-અભ્યાસ
(૪) અંજનાબેન કાળુભાઈ, ઉ.વ. પુખ્ત, ધંધો-અભ્યાસ
**(વાદી નં. ૨ થી ૪ ને આંક-૩૭ લગત થયેલ હુકમ મુજબ સગીર માંથી પુખ્ત થયા મુજબનો સુધારો કરવામાં આવેલ છે.)**
તમામ રહે. શુભ વિલા સોસાયટી એમ.એમ. પટેલ સ્કુલની બાજુમાં મું.બાવળા,
તા.બાવળા,જી.અમદાવાદ ......**વાદીઓ**

**વિરુધ્ધ**

(૧) અમુબેન તે તળશીભાઈની વિધવા પત્ની
ઉ.વ.પુખ્ત, ધંધો-ખેતી, રહે. નાની બોરૂ, તા.ધોળકા, જી. અમદાવાદ
(૨) સુરેશભાઈ તળશીભાઈ
ઉ.વ.પુખ્ત, ધંધો-ખેતી, રહે. નાની બોરૂ, તા.ધોળકા, જી. અમદાવાદ
(૩) બહાદુરભાઈ તળશીભાઈ
ઉ.વ.પુખ્ત, ધંધો-ખેતી,રહે. નાનીબોરૂ, તા.ધોળકા, જી. અમદાવાદ.

હાલ રહે. રામજીની વાડી, મેલડીમાના મંદિર પાસે ગઢેચી વડલા, મું. ભાવનગર
(૪) હંસાબેન તળશીભાઈ
ઉ.વ.પુખ્ત, ધંધો-ખેતી, રહે. નાની બોરૂ, તા.ધોળકા, જી. અમદાવાદ
(૫) ચંદુભાઈ પ્રભાતભાઈ
ઉ.વ.પુખ્ત, ધંધો-ખેતી,રહે. નવાગામ કર્ણા, તા.ધોલેરા, જી. અમદાવાદ
(૬) રણછોડભાઈ વેલાભાઈ
ઉ.વ.પુખ્ત, ધંધો-ખેતી, રહે. નવાગામ કર્ણા, તા.ધોલેરા, જી. અમદાવાદ
(૭) પ્રવિણસિંહ સુરભા
ઉ.વ.પુખ્ત, ધંધો-ખેતી, રહે. પીપળી, તા.ધોલેરા, જી. અમદાવાદ
(૮) ભરતસિંહ હેમંતસિંહ
ઉ.વ.પુખ્ત, ધંધો-ખેતી, રહે. પીપળી, તા.ધોલેરા, જી. અમદાવાદ

**......પ્રતિવાદીઓ**

**બાબત:-દાવો :- રૂા.૪,૯૫,૦૦૦/– પુરાના આંકથી દસ્તાવેજ રદ કરાવવાનો તથા દાવો રૂ. ૧,૦૦૦/– ના આંકથી ડેકલેરેશન તથા દાવો રૂ. ૧,૦૦૦/- આંકથી કાયમી મનાઇ હુકમનો.**

---

વાદીઓ તરફે વિધ્વાન વકીલશ્રી :-આર. આર. ગમારા
પ્રતિવાદીઓ નં- ૧ થી ૬ તરફે વિધ્વાન વકીલશ્રી :- એચ. સી. ચોકસી
પ્રતિવાદી નં- ૭ તરફે વિધ્વાન વકીલશ્રી :- એસ. પી. ચુડાસમા, ટ્રાયલ દરમ્યાન ત્યારબાદ છુટ્ટા થયેલ છે.
પ્રતિવાદી નં-૮ તરફે વિધ્વાન વકીલશ્રી :- જે. કે. સોમાણી

---

**-: ઠ રા વ :-**

**(૧)** હાલનો દાવો આ કામના વાદીઓએ આ કામના પ્રતિવાદીઓ સામે ડેકલેરેશન, વેચાણ દસ્તાવેજ રદ કરવા, તેમજ કાયમી મનાઇ હુકમ મેળવવા માટે કરેલો છે. જેમાં વાદી નં-૧ નાએ વાદી નં-૨,૩ અને ૪ સગીરમાંથી પુખ્ત થતાં સુધારા અરજી આપતા જે મંજુર થતાં તે મતલબની નવી સુધારેલ દાવા અરજી રજુ કરેલ છે. જેમાં દાવાની હકીકત જોવામાં આવે તો, વાદી નં. ૧ આ કામનાં પ્રતિવાદી નં.૧ નાં સંતાન સ્વ. કાળુભાઈ તળશીભાઈની વિધવા છે તેમજ પ્રતિવાદી નં.૨,૩ તેઓના સ્વ. પતિ કાળુભાઈ તળશીભાઈનાં ભાઈઓ છે તેમજ પ્રતિ નં.૪ તેઓના નણંદ થાય છે. વાદી નં.૨ થી ૪ નાં સ્વ. કાળુભાઈ તળશીભાઈનાં તથા વાદી નં.૧ ના સંતાનો છે. મોજે ગામ નવાગામ, તા.ધંધુકા, જી. અમદાવાદની સીમમાં આવેલ સર્વે નં. ૫૧ ક્ષેત્રફળ ૧.૮૨.૧૧

હે.આરે.ચો.મી. આકાર રૂા. ૫.૬૨ પૈસાવાળી ખેતીની જમીન આવેલી છે જેમાં હાલ રેવન્યુ રેકર્ડમાં પ્રવિણસિંહ સુરૂભા તથા ભરતસિંહ હેમંતસિંહનું નામ માલીક તરીકે ચાલી રહયુ છે અને જેઓને આ કામમાં પ્રતિવાદી નં.૭, ૮ તરીકે દર્શાવેલ છે. દાવાવાળી ખેતીની જમીનનનાં જુના માલીક તેઓના સસરા તા.૧૩/૨/૨૦૦૬ નાં રોજ ગુજરતા તેમની વારસાઈમાં (૧) અમુબેન તે તળશીભાઈની વિધવા પત્ની, (૨) કાળુભાઈ તળશીભાઈ, (૩) સુરેશભાઈ તળશીભાઈ, (૪) બહાદુરભાઈ તળશીભાઈ, (૫) હંસાબેન તળશીભાઈનાં નામો માાલીક તથા કબ્જેદાર તરીકે દાખલ થયેલા અને તે બાબતની વારસાઈ નોંધ નં.૪૨૧, તા.૧૩/૨/૨૦૦૬ નાં રોજ પાડવામાં આવેલી. ત્યારબાદ વાદી નં.૧ નાં પતિ સ્વ. કાળુભાઈ તળશીભાઈનું તા. ૧૨/૯/૨૦૧૦ નાં રોજ નિધન થયેલ અને તેઓના સ્વ. પતિનાં ભાઈ સુરેશભાઈ તળશીભાઈનાંએ એટલે કે, પ્રતિ નં.૨ નાંએ એક ખોટુ સોગંદનામું તા. ૪/૨/૨૦૧૧ નાં રોજ કરેલ અને તેમાં જણાવેલ કે, કાળુભાઈ તળશીભાઈ ભાવનગર મુકામે અપરણીત નિઃસંતાન ગુજરી ગયેલ છે અને તેઓનાં કોઈ જ વારસદાર નથી અને તે સોગંદનામામાં વાદી નં.૧ નાં પતિનાં ભાઈ નામે બહાદુરભાઈ તળશીભાઈ એટલે કે પ્રતિ નં.૩ નાંએ સાક્ષીમાં સહી કરેલ છે તેમજ આ સોગંદનામાનાં આધાર રૂપે વાદી નં. ૧ ના સાસુ અમુબેન તળશીભાઈ, દીયર બહાદુરભાઈ તળશીભાઈ, નણંદ હંસાબેન તળશીભાઈએ ખોટા સોગંદનામાને ટેકો આપી નોટરી રૂબરૂ ખોટુ ડેકલેરેશન કરી વાદીઓ કાળુભાઈનાં સીધીલીટીનાં વારસદારો હોવા છતાંય ખોટી હકિકતો દર્શાવીને તથા છુપાવીને વાદીઓનો હકક ડુબાડવા સારૂ વાદી નં.૧ નાં પતિ તથા વાદી નં.૨ થી ૪ નાં પિતા કાળુભાઈ તળશીભાઈનું નામ દાવાવાળી ખેતીની જમીનમાંથી કમી કરાવી નાંખેલ અને પ્રતિ નં. ૧,૩,૪ નાંઓએ પણ તેમનાં હકક કમી કરાવી નાંખેલ અને તે બાબતની હકક કમીની નોંધ નં. ૭૦૯ તા.૧૮/૨/૨૦૧૧ નાં રોજ પાડવામાં આવેલી અને આમ, કરીને વાદીઓની દાવાવાળી જમીનમાં કાયદેસરનો સીધીલીટીનાં વારસદાર તરીકે હકક પોષાતો હોવા છતાં તેઓના કાયદેસરનાં હકક અધિકારને નુકશાન કરેલ છે.

**(૨)** વધુમાં વાદીઓ તેઓની અરજીમાં જણાવે છે કે, ત્યારબાદ તા. ૨/૬/૨૦૧૧ નાં રોજ પ્રતિ નં.૨ નાંઓએ તથા જમીન ખરીદનારા પ્રવિણસિંહ સુરુભા, ભરતસિંહ હેમતસિંહના એટલે કે, પ્રતિ નં.૭, ૮ નાંઓએ એક બીજાના મેળાપીપણામાં વાદીઓ કે જે દાવાવાળી ખેતીની

જમીનમાં વારસાઈ હકકની રૂઈએ કાયદેસરના સહમાલીક હોવા છતાં ખોટો દસ્તાવેજ નાંખેલ અને તેઓનો કાયદેસરનો દાવાવાળી જમીનમાં પોષાતો હકક હિસ્સામાં નુકશાન પહોંચાડેલ છે અને દાવાવાળી જમીનનો દસ્તાવેજ ધંધુકાના સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં રજી. દસ્તાવેજ નં. ૯૭૦/૨૦૧૧ થી નોંધવામા આવેલ તે દસ્તાવેજ કાયદા વિરૂધ્ધનો તથા ગેરકાયદેસરનો તેમજ બિનઅવેજી તથા ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની જોગવાઈ વિરૂધ્ધનો છે અને તેથી તા.૨/૬/૨૦૧૧ નો અનુક્રમ નં.૯૭૦/૨૦૧૧ નો દસ્તાવેજ રદ કરવો જરૂરી હોઈ સદર દાવો કરવાની જરૂર પડેલ છે. વાદીઓ સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી કરીને પ્રતિ નં.૨ નાંએ પ્રતિ નં.૭,૮, ને કરી આપેલ રજી. દસ્તાવેજ નં.૯૭૦/૨૦૧૧ થી પ્રતિ નં.૭,૮ નાંએ રેવન્યુ રેકર્ડમા તેમની માલીકીની નોંધ નં.૭૪૧ પડાવેલ અને તે નોંધની વિરૂધ્ધમાં વાદી નં.૧ દ્વારા નોંધ નં.૭૪૧ માં ફેરફાર કરવા સારૂ વાંધા અરજી આપેલ પરંતુ આ કામનાં પ્રતિ નં.૭, ૮ નાં ખુબ જ માથાભારે તથા વગવાળી વ્યકિતઓ હોવાથી રેવન્યુ અધિકારીઓ સાથે મળી જઈને નોંધ નં.૭૪૧ તા. ૧૩/૯/૨૦૧૧ નાં રોજ પ્રમાણીત કરાવી નાંખેલ. આમ, ત્યારથી આ કામના પ્રતિ નં.૭, ૮ નાં નામો દાવાવાળી જમીનમાં માલીક તરીકે ગેરકાયદેસર રીતે ચાલે છે. આમ, દાવાવાળી ખેતીની જમીનમાં વાદીનાં સ્વ. પતિ કાળુભાઈ તળશીભાઈનું માલીક કબજેદાર તરીકે નામ ચાલતુ હતું અને તેમનાં ગુજરતા વાદીઓ કે જે આ સ્વ. કાળુભાઈ તળશીભાઈનાં પત્ની તથા બાળકો થાય છે જેમને આ કામનાં પ્રતિ નં. ૧ થી ૪ નાં ખુબ જ ત્રાસ આપવામાં લાગેલ અને તેઓને ઘરમાંથી હાંકી કાઢેલ અને ત્યારબાદ વાદીનાં જીવનના આધાર સ્તંભ તેઓના પતિનાં નામે ચાલતી સહીયારી મિલકતમાંથી વાદીઓની વારસાઈ કરાવવાનાં બદલે ખોટા સોગંદનામા તથા ડેકલેરેશનો કરી તથા હકક કમી બાબતનાં ખોટા પંચનામાં કરવામા આવેલ અને તેમાં આ કામનાં પ્રતિ નં. ૫,૬, દ્વારા સાક્ષીમાં ખોટા પંચનામાને સમર્થન આપવા સહીઓ કરવામાં આવેલ અને તેઓના પતિનું દાવાવાળી મિલકતમાંથી નામ કમી કરાવી નાંખવામાં આવેલ અને ત્યારબાદ ઉપરોકત વિગતે દર્શાવેલ દસ્તાવેજ પ્રતિ નં.૨ નાંએ પ્રતિ નં.૭, ૮ નાં મેળાપીપણામાં કરી નાંખેલ છે અને તે બાબતની વેચાણની ફેરફાર નોંધ વાદી નં.૧ દ્વારા વાંધા અરજી આપવા છતાં પણ રેવન્યુ અધિકારીઓ સાથેનાં મેળાપીપણામાં પણ પડાવી લીધેલ છે.

**(3)** વધુમાં વાદીઓ તેઓની અરજીમાં જણાવે છે કે, વાદી હાલ તદ્દન નિરાધાર થઈ ગયેલ છે અને વાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરવામાં આવેલ છે. અને વાદી દાવાવાળી જમીનમાં કાયદેસરનાં સીધીલીટીનાં વારસદાર હોવા છતાં તેઓના હકક અધિકારને નુકશાન પહોંચાડી આ કામનાં પ્રતિવાદીઓ દ્વારા આ પ્રકારનું દુષ્કૃત્ય કરવામાં આવેલ છે.ત્યારબાદ વાદી દ્વારા આ કામનાં પ્રતિવાદીઓ વિરૂધ્ધ જીલ્લા જમીન તકેદારી સમિતિ અમદાવાદ (સીટી) માં અરજી કરવામાં આવેલી છે તથા સોગંદનામુ આપવામાં આવેલ છે અને તે તેઓની અરજીનાં અનુસંધાને જીલ્લા જમીન તકેદારી સમિતિમાં હાલ કાર્યવાહી ચાલુ છે તેમજ પી.એસ.આઈ. ધોલેરાને તા. ૨૬/૮/૨૦૧૧ નાં રોજ ફરીયાદ કરેલ છે. થોડા દિવસ અગાઉ આ કામનાં પ્રતિવાદી નં. ૨,૭,૮, ના અન્ય કોઈ અજાણ્યા માણસો સાથે તેઓના નિવાસ સ્થાન બાવળા મુકામે આવેલા અને તેઓને ધમકી આપીને કહેવા લાગેલા કે, "ભલે તારો તથા તારા સંતાનોનો દાવાવાળા ખેતરમાં હકક હિસ્સો રહેલો છે પરંતુ કાળુભાઈ ગુજરી ગયા બાદ તારો દાવાવાળી જમીનમાં કોઈ હકક, હિસ્સો રહેલો નથી અને તમારૂ દાવાવાળી જમીનમાં કદી પણ નામ ચડવાનું નથી અને આ જમીન અમો અન્ય માથાભારે લોકોને વેચી મારીશુ અને પૈસા ઉભા કરી લઈશું જેથી સીટમાં જે તમે ફરીયાદ કરી છે તેને પાછી ખેંચી લેજો અને હવે પછી જો આગળ કાંઈ કાર્યવાહી કરીશ તો તને અને તારા બાળકોને જાનથી મારી નાંખીશું" તેમ વિગેરે મતલબની ધમકીઓ આપેલ છે. આમ, આ કામનાં પ્રતિવાદીઓ તકરારી, તોફાની, જુથવાળા તેમજ કાયદાનો કોઈ ડર રાખે તેવા માણસો નથી અને તેમની ધમકી મુજબનું અપકૃત્ય કરે કરાવે તો વાદીની આજીવીકાનું સાધન છીનવાઈ જાય તેમ છે જેનો બદલો નાણાંથી અગર અન્ય રીતે વળી શકે તેમ નથી. આમ, આ કામનાં પ્રતિવાદીઓ તેમની ધમકી મુજબનું અપકૃત્ય કરતા નામદાર અદાલતનાં હુકમ સિવાય અટકે તેવા માણસો નથી.

**(૪)** વધુમાં વાદીઓ તરફે તેઓની અરજીમાં જણાવેલ છે કે, વાદી નં.૧ વિધવા છે અને ખુબ જ ગરીબ માણસો છે અને તેઓના બાળકોનું મજુરી કરી ગુજરાન ચલાવે છે તથા વાદી નં.૨ થી ૪ નાં સ્વ. કાળુભાઈનાં સંતાનો છે આ તમામનો આ કામના પ્રતિવાદીઓએ દાવાવાળી જમીનમાંથી વારસાઈ હકકે કાયદેસરનો હકક હિસ્સો પોષાતો હોવા છતાં તે હકક હિસ્સાને ખોટી રીતે ખોટા સોગંદનામામા, પંચનામા તથા સંમતિ પત્રકો બનાવીને વાદીઓનો હકક ડુબાડેલ

છે જેનાથી વાદીઓને પારાવાર નુકશાન થયેલ છે. જેનો બદલો નાણાથી વળી શકે તેમ નથી જેથી આ કામનાં પ્રતિવાદી નં.૧ થી ૬ નાંઓએ એક બીજાનાં મેળાપીપણામાં વાદીઓનાં નામ સીધીલીટીનાં વારસદાર તરીકે આવતા હોવા છતાં તેઓએ ખોટા તેમજ ફ્રોડ યુકત દસ્તાવેજો બનાવી વાદીઓનાં કાયદેસરનાં નામો દાવાવાળી જમીનમાં દાખલ કરેલ નથી અને ત્યારબાદ પ્રતિ નં.૨ નાંએ પ્રતિ નં.૭,૮ નાંએ એક બીજાનાં મેળાપીપણામાં દાવાવાળી જમીનનો ગેરકાયદેસરનો તથા વિશ્વાસઘાતથી કરેલ બીનઅવેજી દસ્તાવેજ રદ બાતલ ઠરાવવા માટે તથા વાદીને દાવાવાળી જગાનાં સીધીલીટીનાં સ્વ. કાળુભાઈ તળશીભાઈનાં વારસદારો તરીકે માલીક તરીકે ઠરાવવા માટે આ દાવો કરવાની જરૂર પડેલ છે તેમજ આ કામનાં પ્રતિવાદી નં.૭,૮, નાં નામો દાવાવાળી ખેતીની જમીનમાં ગેરકાયદેસર રીતે ચાલતા હોવાથી અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય રીતે તબદીલ કરે કરાવે નહીં તેમજ દાવાવાળુ ખેતર પ્રતિવાદી નં.૭,૮ નાં બેન્ક તથા સહકારી મંડળીના તારણમાં મુકી બોજો ઉત્પન્ન કરે કરાવે નહીં તે માટે કાયમનાં મનાઈ હુકમનો દાવો કરવાની જરૂર પડેલ છે. આ દાવો કરવાનું કારણ અને હકુમત આ કામનાં પ્રતિવાદી નં.૧ થી ૬ નાંએ વાદીનાં સ્વ. પતિ કાળુભાઈ તળશીભાઈનું અવસાન થતા તથા વાદીઓ કાળુભાઈનાં સીધીલીટીનાં વારસદારો હોવા છતાં કાળુભાઈ અપરણીત નિઃસંતાન ગુજરી ગયેલ છે તે પ્રકારા ખોટા સોગંદનામા કરી તેઓના પતિ કાળુભાઈ તળશીભાઈનું નામ કમી કરી નાંખેલ ત્યારથી તેમજ ત્યારબાદ પ્રતિવાદી નં.૨ દ્વારા દાવાવાળી ખેતીની જમીન પ્રતિ નં.૭,૮ નાં સાથે મેળાપીપણામાં ખોટો ગેરકાદેસરનો તેમજ બિનઅવેજી દસ્તાવેજ કરી વેચાણ કરી નાંખી ત્યારથી તથા વાદીએ સદર હકિકતે સીટમાં ફરીયાદ કરી ત્યારથી તેમજ વાદી નં.૧ એ તા. ૨૬/૮/૧૧ નાં રોજ ધોલેરા પી.એસ.આઈ.ને ફરીયાદ કરી ત્યારથી તેમજ સદર પ્રતિ નં.૭, ૮ નાંએ દાવાવાળી જમીનનો દસ્તાવેજ કરી જેની ગામ નમુના નં.૬(ક) માં નોંધ નં. ૭૪૧ પ્રમાણીત કરવા સામે વાંધા અરજી આપી ત્યારથી તેમજ નોંધ નં.૭૪૧ પ્રમાણીત થઈ ત્યારથી તેમજ દાવાની વિગતે પ્રતિવાદી નં.૨, ૭, ૮, નાંએ વાદીને જાસા ધમકીઓ આપી ત્યારથી તેમજ ત્યારબાદ દરરોજથી આ દાવો કરવાનું કારણ ઉપસ્થિત થયેલ છે. જેથી હાલના દાવાથી વાદી દાદ માંગે છે કે, આ કામમાં વાદીઓ સ્વ. કાળુભાઈ તળશીભાઈનું અવસાન થતાં સીધીલીટીનાં વારસદારો હોવાથી દાવાવાળી ખેતીની જમીનનાં કાયદેસરનાં સહમાલીક છે તેવું જાહેર કરી આપવા તેમજ આ

કામનાં પ્રતિવાદી નં.૨ નાંએ પ્રતિ નં. ૭, ૮ નાં મેળાપીપણામાં તા. ૨/૬/૧૧ નાં રોજ અનુક્રમ નં.૯૭૦/૨૦૧૧ થી કરી નાંખેલ વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસરનો હોઈ રદ બાતલ ઠરાવવા તેમજ આ કામનાં પ્રતિવાદી નં.૭, ૮ નાં જાતે અગર તેમનાં માણસો નોકરો એજન્ટો સાથીઓ કે તેમનાં કુલમુખત્યાર વિગેરે કોઈપણ ગામ મોજે નવાગામ, તા.ધોલેર, જી. અમદાવાદની સીમમાં આવેલ સર્વે નં.૫૧, ક્ષેફ્ત્રફળ ૧.૮૨.૧૧ હે.આરે.ચો.મી. આકાર રૂા. ૫.૬૨ પૈસાવાળી ખેતીની જમીન જેનાં ખુંટ દાવા અરજીના અંત ભાગમાં આપવામાં આવેલ છે તે ખેતર અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈ રીતે તબદીલ કરે કરાવે નહીં તેમજ દાવાવાળુ ખેતર પ્રતિવાદીઓ બેન્ક, સહકારી મંડળીનાં તારણમાં મુકે નહીં તેમજ રેવન્યુ રેકર્ડમાં કોઈપણ જાતનો ફેરફાર કરે કરાવે નહીં તેવો વાદીનાં લાભમાં તેમજ આ કામનાં પ્રતિવાદીઓ વિરૂધ્ધ કાયમનો મનાઈ હુકમ ફરમાવવા અરજ ગુજારેલી છે.

**(૫)** આ કામનાં પ્રતિવાદીઓને દાવાના સમન્સ/નોટીસ બજી જતાં પ્રતિવાદી નં-૮ તરફે આંક-૧૮ થી જવાબ આપી જણાવેલ છે કે, વાદીની દાવાની તમામ હકીક્તો ખોટી છે અને તેઓએ કબુલ કરેલ ન હોય તેવી તમામ હકીકતો તેઓને કબુલ મંજુર નથી. વાદીએ તેઓની દાવા અરજીમાં માંગેલી દાદ તેઓને મળવાપાત્ર નથી કારણ કે દાવાવાળી મિલકતમાં વાદીઓનો કોઇ કબજો ભોગવટો નથી અને કબજા અંગે કોઇ પણ હકીકત વાદીઓએ જણાવેલ નથી. વાદીઓએ તેઓની દાવાવ અરજીની તમામ હકીકતો સાબીત કરવી જોઇએ. દાવાવાળી જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ પ્રતિવાદી નં-૭ અને ૮ ની તરફેણમાં તા. ૦૨/૦૬/૨૦૧૧ ના રોજ થયેલો છે અને પ્રતિવાદી નં-૭ અને ૮ નો સદરહું દાવાવાળી જમીનમાં કબજો અને માલીકી હકક છે અને તેઓના નામે રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી પણ થઇ ગયેલ છે. પ્રતિવાદી નં-૭ અને ૮ બોનાફાઇડ પરચેઝર છે. પ્રતિવાદી નં-૭ અને ૮ નાએ સીટ સમક્ષ તમામ જવાબો રજુ કરેલા છે અને તેઓ વિરુધ્ધ કોઇ ક્રિમીનલ કાર્યવાહીમાં સીટ ધ્વારા કોઇ પણ એફ.આઇ.આર. નોંધવામાં આવેલ નથી. આ કામના વાદીઓના પુરોગામી એટલે કે કાળુભાઇ તળશીભાઇનાઓએ પ્રતિવાદી નં-૮ ના લાભમાં દાવાવાળી જમીનનો એક નોટરાઈઝડ બાનાખત તા. ૨૬/૦૩/૨૦૧૦ ના રોજ કરી આપેલ છે અને તે માટે માતબર રકમ પણ કાળુભાઇ તળશીભાઇને ચુકવેલ છે.

વાદીઓ આ હકીકત જાણતા હોવા છતાં તે હકીકત કોર્ટમાં છુપાવેલ છે. આમ જણાવી વાદીઓનો દાવો ખર્ચ સહીત રદ કરવા અરજ ગુજારેલી છે.

**(૬)** પ્રતિવાદી ના જવાબ સામે વાદી તરફે આંક-૨૨ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે જે વંચાણે લીધુ.

**(૭)** વાદીની દાવા અરજી સામે પ્રતિવાદી નં-૧, ૨, ૩ અને ૪ નાઓએ આંક-૨૫ થી લેખિત જવાબ રજુ કરેલ છે જેમાં તેઓ જણાવે છે કે, વાદીનો દાવો તથા મનાઈ અરજી સાચા અને ખરા છે વાદીનો દાવો પ્રતિવાદી નં. ૧,૨,૩,૪ નાંઓને કબુલ છે. પ્રતિવાદી નં. ૭, અને ૮, નાંએ પ્રતિવાદી નં. ૧,૨,૩,૪, નાંને છેતરી ગેરરજુઆત કરી તેઓની જમીન પડાવી લીધેલ છે. આ જમીન પ્રતિવાદી નં.૧,૨,૩,૪ નાંની એક માત્ર આવકની જમીન છે. વાદીની દાવા અરજીની તમામ હકીકત સાચી અને ખરી છે. સ્વ. કાળુભાઈ તળશીભાઈનાં પત્ની વાદી છે અને પ્રતિવાદી નં.૨,૩,૪ તેઓના કુંટુંબી થાય છે. મોજે નવાગામનો સ.નં. ૫૧ હે.આરે.ચો.મી. ૧.૮૨.૧૧ ખેતીની જમીન છે તેમાં રેવન્યુ રેકર્ડમાં પ્રવિણસિંહ સુરૂભા અને ભરતસિંહ હેમતસિંહ સાચા માલીક નથી. તેમજ પ્રતિવાદી નં.૬ પણ માલીક નથી. દાવાવાળી જમીનની ચતુઃદિશા સાચી છે. વાદીનાં સસરા ૧૩/૨/૨૦૦૬ નાં રોજ અવસાન પામેલા છે તે સાચુ છે. તેમનાં વારસમાં પ્રતિવાદી અમુબેન, પુત્ર કાળુભાઈ, પુત્ર સુરેશભાઈ, પુત્ર બહાદુરભાઈ, પુત્રી હંસાબેન નાંઓ છે. તેમનો નામો વારસાઈ હકકે દાખલ થયેલા અને તેની નોંધ પણ પડેલી. વાદીનાં પતિ સ્વ. કાળુભાઈ તા. ૧૨/૯/૨૦૧૦ નાં રોજ અવસાન પામેલા છે તે સાચુ છે કાળુભાઈનાં ભાઈ સુરેશભાઈ છે સુરેશભાઈએ ખોટું સોગંદનામું કરેલુ નથી. પરંતુ તા. ૪/૨/૨૦૧૧ નાં રોજ પ્રતિવાદી નં.૭ અને ૮ નાંએ તેમજ અન્ય પ્રતિવાદીએ પ્રતિવાદી નં.૧ થી ૪ નાંઓને છેતરી ગેરરજુઆત કરી સમજાવ્યા વગર તેઓની જમીન પડાવી લેવાનો કારસો રચેલો. આ જમીન અંગે તેઓને કોઈ માહિતી હતી નહી. પ્રતિવાદી નં.૫,૬,૭,૮ નાંએ તેઓની જમીનમાં વારસાઈ કરવાની છે તેમાં નામમાં સુધારો કરવાનો છે તેવું જણાવી પ્રતિવાદી નં.૧ થી ૪ ની જમીનનો ખોટો દસ્તાવેજ કરાવી લીધેલ તેની ફરીયાદ પણ ચાલે છે.તેઓ પ્રતિવાદીએ આ જમીન પ્રતિવાદી નં. ૫ થી ૮ નાંને વેચાણ કરેલ નથી. પ્રતિવાદી નં.૧ થી ૪ કાયદાથી અજ્ઞાન અને અભણ માણસ છે, વાંચતા લખતા આવડતુ નથી તેઓને અવેજ મળેલ નથી. પ્રતિવાદી અજ્ઞાન માણસ હોય ગામડાનાં રહીશ હોય તેઓની

જમીન પડાવી લીધેલ છે. તેથી વાદીએ સાચો દાવો કરેલ છે. પ્રતિવાદીને ખોટ સોગંદનામું કરવા માટે પણ છેતરીને જમીન ખરીદનાર ભરતસિંહ તથા પ્રવિણસિંહ વિગેરે નાંઓ લઈ ગયેલા અને જમીનનમાં સુધારો કરવાનો છે તેવુ જણાવી જમીન પડાવી લીધેલી. પ્રતિવાદી નં.૧,૩,૪ નાંએ કયારેય હકક કમી કરેલ નથી. હકક કમીની તેઓને જાણ નથી. આ જમીનમાં વાદી તથા પ્રતિવાદીઓ અમુબેનનાં કાયદેસરનાં વારસોનો હિન્દુ વારસા હેઠળ હકક સમાવેલ છે તેથી આ જમીન વાદી તથા પ્રતિવાદીની કાયદેસરની સંમતિ વિના વેચાણ કરી શકાય નહીં. આમ વાદીનો દાવો તથા મનાઈ અરજી સાચા છે. જો દાવો મંજુર કરવામાં આવે તો પ્રતિવાદીને પણ નુકશાન જાય અને ભવિષ્યનું પણ નુકશાન થાય તેમ છે. જમીન ખરીદનારા પ્રતિવાદી પ્રવિણસિંહ તથા ભરતસિંહ જે પ્રતિવાદી નં.૭,૮ છે તેઓએ મેળાપીપણામાં પ્રતિવાદીને અંધારામાં રાખી તેઓની વારસાઈ તથા હકક કમીની નોંધ અંગે ગેરરજુઆત કરી ખોટો દસ્તાવેજ કરાવી લીધેલ છે. દસ્તાવેજ નં. ૯૭૦/૨૦૧૧ તદ્દન ખોટો અને ગેરકાયદેસરનો બિનઅવેજી દસ્તાવેજ છે.પ્રતિવાદી નં.૭, ૮ નાંએ તેઓ પ્રતિવાદીને અંધારામાં રાખી ખોટી લાલચ આપી અમારી જમીન પડાવી લીધેલ છે. નોંધ નં. ૭૪૧ ખોટી છે અને તેમાં વાંધા પણ રજુ કરેલ છે. પ્રતિવાદી નં.૭,૮, કાયદેસરનાં માલીક નથી. સ્વ. કાળુભાઈ તળશીભાઈ નો તથા તેમનાં વારસોનો દાવાવાળી જમીનમાં કાયદેસરનો હકક પોષાય છે. પ્રતિવાદી નં.૭,૮ નાંએ તેઓને છેતરી અંધારામાં રાખી ખોટુ સોગંદનામું તથા ડેકલેરેશન કરાવેલુ અને નં. ૫ અને ૬ પ્રતિવાદીને ખોટા સાક્ષીમાં ઉભા કરેલા. આ સાક્ષીઓને તેઓ ઓળખતા નથી અને આ સાક્ષી પ્રતિવાદી નં.૭,૮ નાંએ બોલાવી ખોટી સહીઓ કરાવેલ છે. પ્રતિવાદી નં.૭, ૮, નાંએ તેઓની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ છે. દાવાવાળી જમીનનાં કાયદેસરનાં સીધીલીટીનાં વારસ વાદી તથા પ્રતિવાદી નં.૧ થી ૪ છે. અને તેઓના હકકોને કાયદેસરનું નુકશાન થાય છે. આ જમીન અંગે વાદીએ અમદાવાદ સીટ માં ફરીયાદ કરેલ છે તે ફરીયાદ હાલ પેન્ડીંગ છે. પ્રતિવાદી નં.૭, ૮ પ્રતિવાદી ૧,૨,૩, ૪ તથા વાદીને ખોટી ધમકી આપી આ જમીન પોતાનાં નામે કરાવી લીધેલ છે. વાદી વિધવા બાઈ છે અને પ્રતિવાદી પણ ગરીબ સાધારણ માણસ છે. તેઓની જમીન પ્રતિવાદી નં.૭, ૮, નાંએ ખોટા દસ્તાવેજથી પડાવી લીધેલ હોય વાદીએ સાચો દાવો કરેલ છે. પ્રતિવાદી નં.૭, ૮ નાંને આ

જમીનમાં કોઈ કાયદેસરનો હકક, અધિકાર નથી. આમ જણાવી વાદીનો દાવો મંજુર કરવા અરજ ગુજારેલી છે.

**(૮)** ઉપરોકત પ્રતિવાદી નં-૧ થી ૪ નાએ રજુ કરેલ જવાબ સામે વાદી નાઓએ આંક-૨૬ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે જે વંચાણે લીધુ.

**(૯)** ઉપરોકત પ્લીડીંગ્સના આધારે મારા પુરોગામી ન્યાયાધિશશ્રી ધ્વારા આંક-૨૯ થી નીચે મુજબના મુદ્દા ફ્રેમ કરવામાં આવેલ છે.

**//મુદ્દા //**

૧. શું વાદી સાબીત કરે છે કે, મોજે ગામ- નવાગામ, તા. ધોલેરાની રે. સર્વે નંબર-૫૧ ની હે.આરે.ચો.મીટર ૧-૮૨-૧૧ આકાર રૂ.પ.૬૨ વાળી ખેતીની જમીન( તકરારી દાવાવાળી જમીન) માં તેઓનો કાયદેસરનો વારસાઈ હકક પોષાય છે ?

૨. શું વાદી સાબીત કરે છે કે, તકરારી દાવાવાળી મિલ્કત અંગે પ્રતિવાદી નંબર-૨ નાએ પ્રતિવાદી નંબર-૭ તથા ૮ ની તરફેણમાં કરેલ વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસર હોય રદબાતલ ઠરવા પાત્ર છે?

૩. શું પ્રતિવાદી નંબર- ૧ તથા ૪ સાબીત કરે છે કે, દાવાવાળી જમીન પ્રતિવાદી નંબર-૭ તથા ૮ નાએ તેઓ પાસેથી છળકપટથી પડાવી લીધેલ છે?

૪. શું પ્રતિવાદી નંબર- ૭ તથા ૮ સાબીત કરે છે કે, તેઓ દાવાવાળી જમીનના શુધ્ધબુધ્ધિથી ખરીદનાર છે?

૫. શું વાદીના દાવાને જરૂરી પક્ષકાર તથા સમય મર્યાદાની જોગવાઈનો બાધ છે?

૬. શું વાદી માંગ્યા મુજબની કોઈ દાદ મેળવવા હકદાર થાય છે?

૭. શું હુકમ અને હુકમનામુ ?

**(૧૦)** મુલ્યાંકન બાદ મારો ન્યાય નિર્ણય નીચે મુજબ છે.

**-:::-મુદ્દા નો નિર્ણય :::-**

મુદ્દા નં. ૧ હકારમાં,
મુદ્દા નં. ૨ હકારમાં,
મુદ્દા નં. ૩ નકારમાં,
મુદ્દા નં. ૪ હકારમાં,
મુદ્દા નં. ૫ નકારમાં,
મુદ્દા નં. ૬ અંશત: હકારમાં,
મુદ્દા નં. ૭ આખરી હુકમ મુજબ

**(૧૧)** આ કામે પક્ષકારો તર્ફે નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**વાદી તરફે રજુ થયેલ મૌખિક પુરાવો :-**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | વાદી રંજનબેન કાળુભાઇ તળશીભાઇ રાઠોડનું સરતપાસનું સોગંદનામું | ૪૨ |
| ૨ | વાદીના સાહેદ મહાવીરસિંહ હેમંતસિંહ પઢેરીયાની સરતપાસની જુબાની | ૮૨ |
| ૩ | વાદીના સાહેદ પ્રકાશકુમાર ખેમાભાઇ પટેલની સરતપાસની જુબાની | ૯૯ |

**વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો :-**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | મોજે નવાગામ, તા. ધંધુકા, જી. અમદાવાદની સીમના બ્લોક/સર્વે નં-૫૧ ની ગામ નમુના નં-૭ ની નકલ(તા. ૨૫/૦૯/૧૨) | ૫૧ |
| ૨ | મોજે નવાગામ, તા. ધંધુકા, જી. અમદાવાદની સીમના ખાતા નં-૩૩૬ ની ગામ નમુના નં-૮(અ) ની નકલ(તા. ૨૫/૦૯/૧૨) | ૫૨ |
| ૩ | ગામ નમુના નં-૬(ક) ની વારસાઇની નોંધ નં-૪૨૧ ની નકલ | ૫૩ |
| ૪ | કાળુભાઇ તરશીભાઇના મરણના પ્રમાણપત્રની નકલ | ૫૪ |
| ૫ | ગામ નુમના નં-૬(ક)ની કાળુભાઇના હકક કમીની નોંધ નં--૭૦૯ ની નકલ | ૫૫ |
| ૬ | દાવાવાળી જમીનનો રજી. વેચાણ દસ્તાવેજ નં-૯૭૦/૧૧ ની નકલ | ૫૬ |
| ૭ | ગામ નમુના નં-૬(ક) ની વેચાણની કાચી નોંધ નં-૭૪૧ ની વિરુધ્ધ વાંધા અરજી આપવામાં આવેલ હતી તેની નકલ | ટે. ૫૭ |
| ૮ | ગામ નમુના નં-૬(ક) ની વેચાણની કાચી નોંધ નં-૭૪૧ ની વિરુધ્ધ વાંધા અરજી આપવામાં આવેલ હતી તેની રજી પો.એડીની પહોંચ તથા સ્વીકૃતિની પાવતીની નકલ | ટે. ૫૮ |
| ૯ | ગામ નમુના નં-૬(ક) ની કાળુભાઇના હકક કમીની નોંધ નં-૭૪૧ ની નકલ | ૫૯ |
| ૧૦ | વાદી નં-૧ ધ્વારા પ્રતિવાદીઓ વિરુધ્ધ ધોલેરા પોલીસ સ્ટેશનમાં રજી.પો.એડીથી ફરીયાદ આપવામાં આવેલ હતી તે ફરીયાદની નકલ | ટે. ૬૦ |
| ૧૧ | સદર કામના વાદી નં-૧ ધ્વારા પ્રતિવાદીઓ વિરુધ્ધ પોલીસ સ્ટેશનમાં રજી. પો. એડીથી ફરીયાદ આપવામાં આવી હતી તેની રજી. પો. એડીની પાવતીની તથા સ્વીકૃતિ પાવતની નકલ | ટે. ૬૧ |
| ૧૨ | જીલ્લા જમીન તકેદારી સમીતી (સીટ) માં વાદી નં-૧ ધ્વારા જે અરજી આપવામાં | ટે. ૬૨ |

| | | |
|---|---|---|
| | આવેલ હતી તેની નકલ | |
| ૧૩ | જીલ્લા જમીન તકેદારી સમીતી (સીટ)માં વાદી નં-૧ ધ્વારા તા. ૨૪/૦૯/૨૦૧૧ ના રોજ રજી. પો. એડીથી જે અરજી આપવામાં આવી હતી તેની સ્વીકૃતિ પાવતીની નકલ | ટે. ૬૩ |
| ૧૪ | જીલ્લા જમીન તકેદારી સમીતી (સીટ) માં વાદી નં-૧ ધ્વારા રજી. પો. એડીથી અરજી સાથે રજુ કરવામાં આવેલ સોગંદનામું | ટે. ૬૪ |
| ૧૫ | ગરીબી રેખા નીચે જીવતા કૌટુંબીક વ્યકિતઓને આપવામાં આવતા કૌટુંબીક કાર્ડની નકલ | ૬૫ |
| ૧૬ | કાળુભાઇ તળશીભાઇના કાયદેસરના વારસદાર તરીકે તેમના પુત્ર અજયનો જન્મનો દાખલો | ૬૬ |
| ૧૭ | કાળુભાઇ તળશીભાઇના કાયદેસરના વારસદાર તરીકે તેમના પુત્ર અલ્પેશનો જન્મનો દાખલો | ૬૭ |
| ૧૮ | કાળુભાઇ તળશીભાઇના કાયદેસરના વારસદાર તરીકે તેમની પુત્રી અંજનાનો જન્મનો દાખલો | ૬૮ |
| ૧૯ | કાળુભાઇ તળશીભાઇની પત્ની રંજનબેનના ઇલેકશન કાર્ડની નકલ | ૬૯ |
| ૨૦ | નોંધ નં-૭૪૧ સામે રી.અ.નં-૩૮૦/૧૬ ના હુકમની નકલ | ૭૧ |
| ૨૧ | આર.ટી.એસ. ધંધુકા નાયબ કલેકટરના હુકમ નં-૧૦૬/૧૩ ની નકલ | ૭૨ |
| ૨૨ | કબજા વગરના બાનાખતની ખરી નકલ | ટે. ૭૫ |
| ૨૩ | સુરેશભાઇ તળશીભાઇનું સોગંદનામું | ૭૬ |
| ૨૪ | અધાટ વેચાણ દસ્તાવેજ નં--૨૮૦૪/૧૦ તા. ૦૨/૦૮/૨૦૧૦ નો | ૭૭ |
| ૨૫ | મુદતે હાજર રહેવા બાબતનો મામલતદારશ્રીનો પત્ર | ૮૩ |
| ૨૬ | નોંધ નં-૭૦૯ નોંધની અસર આપતા પહેલા અને પછીની પરિસ્થિતી ની નકલ | ૮૫ |
| ૨૭ | નોંધ નં-૭૦૯ નોંધની અસર આપતા પહેલા અને પછીની પરિસ્થિતી ની નકલ | ૮૬ |
| ૨૮ | નોંધ નં-૭૦૯ ના ગામ નમુના નં-૬ ના હકક પત્રકની નકલ | ૮૭ |
| ૨૯ | ૧૩૫(ડી)ની નોટીસ નું યુ.પી.સી. લીસ્ટ | ૮૮ |
| ૩૦ | ૧૩૫(ડી)ની નોટીસ | ૮૯ |
| ૩૧ | સુરેશભાઇ તળશીભાઇની હકક પત્રકે નોંધ દાખલ કરવાની અરજીની નકલ | ૯૦ |
| ૩૨ | હકક કમી અંગે અરજદારના જવાબની નકલ | ૯૧ |
| ૩૩ | મોજે નવાગામ, તા. ધંધુકા, જી. અમદાવાદની સીમના બ્લોક/સર્વે નં-૫૧ ની ગામ નમુના નં-૭ ની નકલ | ૯૨ |
| ૩૪ | સુરેશભાઇ તળશીભાઇનું સોગંદનામાની ખરી નકલ | ૯૩ |
| ૩૫ | કાળુભાઇ તળશીભાઇ રાઠોડના મરણના દાખલાની ખરી નકલ | ૯૪ |

| | | |
|---|---|---|
| ૩૬ | હકક કમીના ડેકલેરેશનની ખરી નકલ | ૯૫ |
| ૩૭ | મામલતદારશ્રી,ધોલેરાનાઓએ મામલતદારશ્રી ધંધુકાને સાધનિક કાગળો મોકલવા બાબતે લખેલ પત્રની ખરી નકલ | ૯૬ |
| ૩૮ | મામલતદારશ્રી, ધંધુકાનાઓનો સાધનિક કાગળો મોકલવા બાબતેનો પત્રની નકલ | ૧૦૦ |
| ૩૯ | મામલતદારશ્રી,ધોલેરાનાઓનો દાવાના કાગળો સાથે હાજર રહેવા બાબતેનો પત્ર | ૧૦૨ |
| ૪૦ | મામલતદારશ્રી, ધોલેરાનાઓનો મામલતદારશ્રી, ધંધુકાને સાધનિક કાગળો મોકલવા બાબતેના લખેલ પત્રની ખરી નકલ | ૧૦૩ |
| ૪૧ | નોંધ નં-૪૨૧ ના ગામ નમુના નં-૬ હકક પત્રકની ખરી નકલ | ૧૦૪ |
| ૪૨ | નોંધ નં-૭૦૯ ના ગામ નમુના નં-૬ હકક પત્રકની ખરી નકલ | ૧૦૫ |
| ૪૩ | નોંધની અસર આપતા પહેલા અનતે પછીના પરીસ્થિતી અંગેના પત્રની ખરી નકલ | ૧૦૬ |
| ૪૪ | નોંધ નં--૭૦૯  ના ગામ નમુના નં-૬ ના હકક પત્રકની ખરી નકલ | ૧૦૭ |
| ૪૫ | ૧૩૫(ડી)ની નોટીસ નું યુ.પી.સી. લીસ્ટની ખરી નકલ | ૧૦૮ |
| ૪૬ | ૧૩૫(ડી)ની નોટીસની ખરી નકલ | ૧૦૯ |
| ૪૭ | સુરેશભાઇ તળશીભાઇની હકક પત્રકે નોંધ દાખલ કરવાની અરજીની ખરી નકલ | ૧૧૦ |
| ૪૮ | હકક કમી અંગે અરજદારના જવાબની ખરી નકલ | ૧૧૧ |
| ૪૯ | હકક કમી અંગેના પંચનામાની ખરી નકલ | ૧૧૨ |
| ૫૦ | મોજે નવાગામ, તા. ધંધુકા, જી. અમદાવાદની સીમના બ્લોક/સર્વે નં-૫૧ ની ગામ નમુના નં-૭ ની ખરી નકલ | ૧૧૩ |
| ૫૧ | સુરેશભાઇ તળશીભાઇનું સોગંદનામાની ખરી નકલ | ૧૧૪ |
| ૫૨ | હકક કમીના ડેકલેરેશનની ખરી નકલ | ૧૧૫ |
| ૫૩ | કાળુભાઇ તળશીભાઇ રાઠોડના મરણના દાખલાની ખરી નકલ | ૧૧૬ |
| ૫૪ | એફ.આઇ.આર. ની ખરી નકલ | ૧૧૮ |

**પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ મૌખિક પુરાવો :-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પ્રતિવાદી નં-૨ સુરેશભાઇ તળશીભાઇ નું સરતપાસનું સોગંદનામું | ૧૨૦ |
| ૨ | પ્રતિવાદી નં-૮ ભરતસિંહ હેમંતસિંહ ચુડાસમાનું સરતપાસનું સોગંદનામું | ૧૨૬ |
| ૩ | પ્રતિવાદી નં-૮ ના સાહેદ પુંજાભાઇ ગગજીભાઇ વાઘેલાનું સરતપાસનું સોગંદનામું | ૧૩૮ |

**પ્રતિવાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો :-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | મોજે નવાગામના ગામ નમુના નં-૮(અ) ના ખાતા નં-૪૩૬ ની મામલતદાર કચેરી | ૧૩૦ |

| | | |
|---|---|---|
| | ધોલેરા ધ્વારા ઇસ્યુ કરવામાં આવેલ ઓનલાઇન નકલ | |
| ૨ | મોજે નવાગામના સર્વે નં-૫૯ (જુનો સર્વે નં-૫૧) ના ગામ નમુના નં-૭ ની મામલતદાર કચેરી ધોલેરા ધ્વારા ઇસ્યુ કરવામાં આવેલ ઓનલાઇન નકલ | ૧૩૧ |
| ૩ | નોંધ નં-૭૪૧ ના ગામ નમુના નં-૬ ની હકક પત્રકની નકલ | ૧૩૨ |
| ૪ | નોંધ નં-૮૦૬ ના ગામ નમુના નં-૬ ની હકક પત્રકની નકલ | ૧૩૩ |
| ૫ | નોંધ નં-૬૩૧ ના ગામ નમુના નં-૬ ની હકક પત્રકની નકલ | ૧૩૪ |
| ૬ | કબજા વગરનો બાનાખત કરાર | ટે. ૧૩૫ |

**(૧૨)** આંક-૧૧૯ થી વાદી તરફે તેમજ આંક-૧૩૬ થી પ્રતિવાદી નં-૧ થી ૬ તરફે તેમજ આંક-૧૩૯ થી પ્રતિવાદી નં-૮ તરફે કલોઝીંગ પુરશીશ રજુ રાખીને પુરાવો પુરો થયેલાનું જાહેર કરેલ છે. બંને પક્ષે દલીલો સાંભળી. વાદી તરફે તેઓના વિ.વ.શ્રી દલીલ કરતાં જણાવે છે કે, મોજે નવાગામ, તા. ધંધુકા, જી. અમદાવાદની સીમના બ્લોક/સર્વે નં-૫૧(નવો સર્વે નં-૫૯) વાળી મિલકત જે તે વખતે તળશીભાઇ રામજીભાઇ કે જેઓ વાદી નં. ૧ ના સસરા હતા તેઓના નામે હતી અને તેઓના ખોટા દસ્તાવેજો ઉભા કરી પ્રતિવાદીઓએ પ્લોટ વેચી નાંખેલ. પ્રતિવાદી નં-૧ તે વાદી નં.૧ ના સાસુ થાય છે. પ્રતિવાદી નં-૨ થી ૪ વાદી નં. ૧ ના પતિના ભાઇ બહેનો થાય છે તેમજ પ્રતિવાદી નં-૫ અને ૬ તે તકરારી સોગંદનામા ના પંચો છે તેમજ પ્રતિવાદી નં-૭ અને ૮ તે તકરારી મિલકત ખરીદનારા છે. વાદીના વિ.વ.શ્રી દલીલ કરતાં જણાવે છે કે, આંક-૪૨ ની વાદીની સરતપાસ રજુ છે અને પ્રતિવાદી નં- ૧ થી ૬ નાઓએ વાદીની લીધેલ ઉલટ તપાસમાં પેરા નં-૨૦ માં વાદી નં.૧ કાળુભાઇના પત્ની છે તેમજ સર્વે નં-૫૧ વાળી મિલકત માટે દાવો દાખલ કરેલાનું તેમાં જણાવેલ છે. ઉપરાંતમાં, સદરહું દાવામાં વાદી તરફે માંગવામાં આવેલ કામ ચલાઉ મનાઇ હુકમની અરજી પણ નામદાર કોર્ટ ધ્વારા મંજુર કરવામાં આવેલ છે અને તે મનાઇ હુકમ આજદીન સુધી ચાલુ છે. વાદી ના વિ. વ.શ્રી વધુમાં જણાવે છે કે, વાદી નં.૧ ના સસરા ગુજરી ગયા બાદ વારસાઇની નોંધ નં-૪૨૧ વાદી નં. ૧ ના પતિ તથા પ્રતિવાદી નં-૧ થી ૪ નાઓએ પડાવેલી. આંક-૧૦૪ થી રજુ નોંધ નં-૪૨૧ જોવામાં આવે તો તળશીભાઇના અવસાન બાદ કાયદેસરના વારસો રેકર્ડ પર આવેલા અને તે બધા સીધી લીટીના વારસદારો હતા. હાલના કામે આંક-૧૦૫ વાળો દસ્તાવેજ જોવામાં આવે તો તેમાં નં-૭૦૯ છે જે નોંધ પ્રતિવાદીઓ ભેગા મળી હકક કમીની નોંધ પડાવે છે. જેમાં તા. ૧૮/૦૨/૨૦૧૧ ના રોજ સમુબેન, કાળુભાઇ,

બહાદુરભાઇ તેમજ હંસાબેનનાઓ સોગંદનામું કરે છે જે સોગંદનામું સુરેશભાઇ તળશીભાઇ નાઓ કરે છે અને તેમાં બહાદુરભાઇ તળશીભાઇ સહી કરે છે જે આંક-૯૩ થી રજુ છે જયારે હકક કમીની નોંધમાં બહાદુરભાઇ અંગુઠો કરે છે જે દસ્તાવેજ આંક-૯૧ થી રજુ છે. આથી એક જ વ્યકિત એક દસ્તાવેજમાં સહી કરે છે એન બીજા દસ્તાવેજમાં અંગુઠો કરે છે તે માની શકાય તેમ નથી અને આવા પ્રોસીડીંગ્સ કરવામાં પ્રતિવાદી નં-૭ અને ૮ નો છુપી રીતે રોલ રહેલો છે. વાદીના વિ.વ.શ્રી વધુમાં દલીલ કરતાં જણાવે છે કે, આંક-૫૪ થી કાળુભાઇનો મરણનો દાખલો રજુ છે અને આંક-૫૬ થી વિવાદીત વેચાણનો દસ્તાવેજ રજુ છે. સદર દસ્તાવેજમાં કેવી રીતે પેમેન્ટ કર્યુ તે દર્શાવેલ નથી. આંક-૫૬ વાળો દસ્તવોજ જોતાં તેમાં ફ્રેકીંગ અમદાવાદ ડીસ્ટ્રીકટ કો. ઓ. બેંકમાં કરાવેલ છે જેમાં જેનુંબેનનું નામ ચેકીને પ્રવિણસિંહનું નામ લખવામાં આવેલ છે અને તેમાં ટુંકી સહી કરેલી છે પરંતુ કોની સહી છે તે લખેલ નથી કે સીકકો પણ મારેલ નથી. સદર દસ્તાવેજનું પેજ નં-ર જોતાં સદરહું દસ્તાવેજ તા. ૦૧/૦૬/૨૦૧૧ ના રોજ બનાવેલ છે. સદરહું દસ્તાવેજમાં જે બે સાક્ષીઓ છે તેમાં એક સાક્ષી પીપળીના છે અને બીજા સાક્ષી પ્રાંતીજના છે તેમજ સદરહું સાક્ષીઓને તપાસવામાં આવેલ નથી કે તે વાદીના સાક્ષી છે કે પ્રતિવાદીના સાક્ષી છે અને કેવી રીતે આવ્યા તે પણ જણાવેલ નથી. આથી, સદરહું વેચાણ દસ્તાવેજ તે બનાવટી દસ્તાવેજ છે. આંક-૭૧ થી કલેકટરશ્રી, અમદાવાદના હુકમ રજુ છે જેમાં પ્રતિવાદી નં--૭ અને ૮ નાઓની નોંધ નં-૭૪૧ ની નોંધ નામંજુર કરતો હુકમ પ્રાંત અધિકારીશ્રી, ધોળકાનાઓએ કરેલ જેની સામે પ્રતિવાદી નં-૭ અને ૮ નાઓ અપીલમાં જતા કલેકટરશ્રી, અમદાવાદનાઓએ પણ પ્રતિવાદી નં-૭ અને ૮ ની રીવીઝન અરજી નામંજુર કરી પ્રાંત અધિકારીશ્રી, ધોળકાનો હુકમ કાયમ રાખેલ છે. આથી, કોઇ પણ એન્ટ્રી રદ થાય તો રેવન્યુ મેન્યુઅલ મુજબ પાછી મુળ સ્થતિમાં આવે. પરંતુ, નોંધ નં-૭૪૧ આજદિન સુધી બતાવે છે અને પ્રતિવાદી નં-૭ અને ૮ રેવન્યુ ઓથોરીટી સાથે મળેલા છે અને તેઓ વગદાર અને પૈસાદાર હોય કાયદાને અને રેવન્યુ ઓથોરીટીને ખરીદી શકે તેવા છે. વાદીના વિ.વ.શ્રી તેઓની દલીલમાં વધુમાં જણાવે છે કે, નોંધ નં-૭૦૯ પણ નાયબ કલેકટરશ્રી, ધંધુકા ધ્વારા રદ કરવામાં આવેલી છે. આંક-૧૨૬ થી પ્રતિવાદી નં-૮ ની ઉલટ તપાસ ના પેરા નં-૬ ધ્યાને લેતાં તેઓ આ કામના તમામ પ્રતિવાદીઓને ઓળખતા હોવાનું જણાવે છે. કુલ ૭ ભાઇઓ છે અને જાહેર નોટીસ આપી નથી

તેમ તેઓ ખુદ કબુલ રાખે છે અને આથી પ્રતિવાદી નં-૭, ૮ તે બોનાફાઇડ પરચેઝર નથી. દરેક નોંધો પોતે જોયેલી અને કાળુભાઇના સંતાનો વારસદારો છે તેમ જાણતા હોવા છતાં છુપી રીતે નોંધ નં-૭૦૯ માં પ્રતિવાદી નં-૮ નાએ ખોટું કરેલ છે. ટેન્ટેટીવ આંક-૧૩૫ વાળો દસ્તાવેજ પ્રમોદભાઇએ તૈયાર કરેલ છે અને તમામ સાક્ષીઓ પ્રતિવાદી નં-૮ લાવેલ છે અને બાનાખતનો સ્ટેમ્પ પણ પ્રતિવાદી નં-૮ લાવેલ છે. સદરહું બાનાખત તે ખેતરની જમીનના વેચાણનું છે જયારે સદરહું બાનાખતમાં ત્રણેય સર્વે નંબરો જણાવેલ છે. સદરહું બાનાખત ગમે તે એક જમીનનો હોવો જોઇએ પરંતુ તેમા બે જમીન વધારાની જણાવેલ છે તેમજ તેમાં બીજા કોઇ વારસદારો પણ જણાવેલ નથી કે તેમની સહી પણ લીધેલ નથી. સદરહું જમીન નવી શરતની હોય તેમાં કલેકટરશ્રીની પરવાનગી લીધા બાદ જ કોઇ દસ્તાવેજ થઇ શકે તેમ છતાં કલેકટરશ્રીની કોઇ પરવાનગી લીધેલ હોય તેવું જણાઇ આવતું નથી. પ્રતિવાદી નં-૭ અને ૮ નાએ બાકીના પ્રતિવાદીઓને પેમેન્ટ રોકડેથી કે ચેકથી આપેલ હોય તેનું કોઇ લખાણ નથી. પ્રતિવાદી નં-૭ નાએ તેઓનો હકક એટલા માટે ઉઠાવી લીધેલ કેમ કે કોર્ટ મેટર થયેલ હતી. કલેકટરશ્રી સમક્ષ થયેલ અપીલ બાબતે પ્રતિવાદી નં. ૭, ૮ સંપુર્ણ મૌન રહે છે. ટે. આંક-૧૩૫ માં દસ્તાવેજ તૈયાર પ્રતિવાદી નં-૮ નાએ કરેલ છે. પ્રતિવાદી નં. ૮ એ પોતે કબુલ રાખેલ છે કે, તેઓ તમામ પ્રતિવાદીઓને ઓળખે છે ને તેઓની સાથે સારા ઘર જેવા સંબંધો છે પરંતુ કાળુભાઇએ લગ્ન કરેલા છે કે કેમ તે કબુલ કરતા નથી. વાદીના વિ.વ.શ્રી વધુમાં તેઓની દલીલમાં જણાવે છે કે, આંક-૧૩૮ થી રજુ પ્રતિવાદી નં. ૮ ના સાહેદની ઉલટ જોવામાં આવે તો તેમાં સાહેદ પુંજાભાઇ ગગજીભાઇ વાઘેલાનાઓએ પોતે ટે. આંક-૧૩૫ વાળા દસ્તાવેજમાં કોરા પાના પર સહી કરેલાનું જણાવેલ છે. સદરહુ સાહેદને સહી કરવા માટે ભરતસિંહ બોલાવવા આવેલાનું પણ તેઓ જણાવે છે. પ્રતિવાદી નં-૭ અને ૮ નાઓએ ફ્રોડ કરેલ છે તે જણાઇ આવે છે. ટે. આંક-૧૩૫ માં જણાવેલ જમીન નવી શરતની જમીન છે અને તે દસ્તાવેજમાં એક વચન વાપરેલ છે જયારે જમીનો ત્રણ બતાવેલ છે. ઉપરાંતમાં, ટે. આંક-૧૩૫ વાળા દસ્તાવેજમાં એક તરફવાળાની સહીમાં ભરતસિંહનો ફોટા ઉપર રાઉન્ડ સીલ પુરો લગાવેલ નથી અને અડધો જ લગાવેલ છે તેમજ સાક્ષીઓએ પણ કોરા કાગળમાં સહી કરેલ છે અને સદરહું દસ્તાવેજના પેજ નં-૨ અને ૩ ઉપર નોટરીની સહી નથી. ઉપરાંતમાં,પ્રતિવાદી નં-૮ સહી ખરીદનારમાં નામની પાછળ એચ.

લખે છે જયારે સહીમાં પાછળ નામની પાછળ હેમંતસિંહ લખે છે અને એક જ દસ્તાવેજમાં અલગ અલગ સહીઓ કેવી રીતે આવી શકે? આથી, મુદા નં-૧ જોતાં વાદીએ પુરવાર કરેલ છે કે, દાવાવાળી મિલકત તે વડીલોપાર્જીત મિલકત છે અને જો નોંધ નં-૭૦૯નું સર્ઝન થયું ન હોત તો આ દાવો કરયો જ ન હોત. કાળુભાઇ નિ:સંતાન ગુજરી ગયેલા તેની નોંધ રદ થઇ છે અને સદરહું નોંધના કારણે કરવામાં આવેલ દસ્તાવેજ શરૂઆત થી ખોટો હોય તો અંતમાં પણ તે ખોટો જ રહે છે. હાલના દાવાને પક્ષકારોનો બાધ નડતો નથી અને દાવો સમય મર્યાદામાં જ દાખલ કરેલ છે. વાદી તરફે તેઓની દલીલના સમર્થનમાં નામદાર સર્વોચ્ચ અદાલતનો **S.P. Chengalvaraya Naidu Vs. Jagannath (1994 AIR 853, SCC(1)1)** ના ચુકાદાની નકલ રજુ રાખી જણાવે છે કે, સદરહું ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ છે કે, સાચી હકીકતો છુપાવીને મેળવેલ હકક કાયદામાં માન્ય નથી. છેતરપીંડીથી હકક મળેલ હોય તો તેને કાયદો રક્ષણ આપી શકતો નથી તેમ નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામાં જણાવેલ છે. આ ચુકાદાના આધારે આ કામના પ્રતિવાદી નં-૭ અને ૮ નાઓએ સાચી હકીકતો છુપાવીને દસ્તાવેજ કરી દીધેલ છે જેથી હાલનો વાદીનો દાવો મંજુર કરવા અરજ છે તેમ તેઓ જણાવે છે. ઉપરાંતમાં, વાદી તરફે નામદાર સર્વોચ્ચ અદાલતનો **Veena Singh (Dead) Through Vs. The District Registrar/Additional Collector(F/R) and another (Civil Appeal No. 2929 of 2022)** ના ચુકાદાની નકલ રજુ રાખી જણાવેલ છે કે, સદરહું ચુકાદામાં નામદાર અદાલતે ઠરાવેલ છે કે, દસ્તાવેજ તે માલીકીનો પુરાવો નથી અને જો છેતરપીંડી થઇ હોય તો સીવીલ કોર્ટમાં જવું જોઇએ. સદરહું દાવા અરજી ધ્યાને લેતાં વારસદારને દુર કરીને વેચાણ દસ્તાવેજ થાય છે અને આ એક પ્રકારની છેતરપીંડી છે અને આ ચુકાદા પર આધાર રાખી વાદી તેઓની દાવા અરજીમાં જણાવેલ દાદ મુજબનો હુકમ મેળવવા હકકદાર છે તેમ દલીલમાં જણાવે છે. ઉપરાંતમાં, નામદાર સર્વોચ્ચ અદાલતનો **Premsingh and Ors. Vs. Birbal and Ors (Civil Appeal No. 2412 of 2006)** નો ચુકાદો રજુ કરી જણાવે છે કે, કાયદાની વિરુધ્ધ છેતરપીંડીથી થયેલ દસ્તાવેજ કોર્ટ રદ કરી શકે છે અને આથી વાદીએ તેઓની દાવા અરજીમાં જે દાદો માંગેલ છે તે રદ કરવા અરજ ગુજારેલી છે. તદુપરાંત, વાદી તરફે તેઓની દલીલના સમર્થનમાં નામદાર ગુજરાત હાઇકોર્ટના **Rameshbhai Bachubhai**

**Sangani Vs. Binaben D/o Lallubhai Nathubhai @ Narayanbhai and W/o Dahyabhai Patel & Ors. (First Appeal No. 2858/2024)** નો ચુકાદો રજુ રાખી જણાવેલ છે કે, દાવાવાળી જમીન નવી શરતની જમીન છે અને તેમાં કોઇ પણ વ્યવહાર કરતાં પહેલા કલેકટરશ્રીની પરવાનગી લેવી આવશ્યક છે અને પરવાનગી લીધેલ ન હોય તો કરાર કાયદેસર ગણી શકાય નહી. આમ, ઉપરોકત ચુકાદાઓ પર વાદી પક્ષે આધાર રાખેલ છે અને તેઓની સાથે ફ્રોડ થયેલ છે અને તેનો ભોગ વાદીઓ બન્યા છે અને દાવાવાળી જમીનમાં તેઓનો કાયદેસરનો હકક પોષાય છે તેમ જણાવી તેઓની દાવા અરજીમાં જણાવેલ દાદો મંજુર કરવા અરજ ગુજારેલી છે.

વાદીના વિ.વ.શ્રી ગમારા ધ્વારા પ્રતિવાદી નં-૮ ના વિ.વ.શ્રી ની દલીલનો ખુલોસો કરતા જણાવેલ છે કે, સી.પી.સી. ઓર્ડર-૨, રૂલ-૨ ની કોઇ વાત જ નથી. જયારે કોઇ મિલકતમાં હકક પોષાતો હોય ત્યારે દાવો કરી શકાય છે. જયારે પ્રતિવાદી નં-૮ ની દલીલ તે મીસગાઇડ કરે છે. ઉપરાંતમાં, ટે. આંક-૧૩૫ થી રજુ દસ્તાવેજ જોવામાં આવે તો, જયારે નવી શરતની જમીન હોય અને તેને લગતો દસ્તાવેજ કરવાનો હોય તો તે દસ્તાવેજ કરતા પહેલા કલેકટરશ્રીની પરવાનગી લેવી જરૂરી છે અન્યથા તે પરવાનગી વગર કરવામાં આવેલ દસ્તાવેજ વોઇડ એબ ઇનીશ્યો છે અને તે દસ્તાવેજને ટેનન્સી એકટની કલમ-૪૩ નો બાધ નડે છે. વાદીના વિ.વ.શ્રી જણાવે છે કે, તેઓની સાથે છેતરપીંડી થયેલી છે ને તેથી તેઓ દસ્તાવેજ રદ કરવા માટે આવેલા છે તેઓના ભાગ માટે આવેલા નથી. વારસો હોવા છતાં નિસંતાન અવસાન પામેલા છે તેવું જણાવેલ છે જેના આધારે દસ્તાવેજ થયો છે અને જેથી દસ્તાવેજ રદ કરવા દાવો કરેલો છે. જેથી, સી.પી.સી. ઓર્ડર-૨, રૂલ-૨ લાગુ પડતું નથી. વાદી પક્ષે પોતાના બર્ડન મુજબના ઇસ્યુ પુરાવાથી સાબિત કરેલા છે જયારે પ્રતિવાદી નં-૮ તરફે કોઇ મુદ્દા પુરવાર કરેલા નથી.

પ્રતિવાદી નં-૧ થી ૬ તરફે તેઓના વિ.વ.શ્રી એચ.સી. ચોકસી તરફથી દલીલ છે કે, હાલના દાવા કામે આંક-૨૯ થી મુદ્દાઓ ઘડવામાં આવેલા છે. જેમાં મુદ્દા નં-૨ અને ૩ જોવામાં આવે તો, તમામ હકીકતો રેકર્ડ પરની છે. અને વાદીની કબુલાત છે કે, સદરહું મિલકત તે વડીલોપાર્ઝીત મિલકત છે અને વણવહેંચાયેલી છે અને તેથી ગુજરનારના સંતાનોનો હકક ઉત્તરાધિકારથી મળેલો છે તેમજ પ્રતિવાદી સુરેશભાઇની જુબાનીની ક્રોસ કર્યા છતાં ખંડન કરી

શકેલ નથી. પ્રતિવાદી નં-૧ નાએ પોતાની જુબાનીમાં તમામ હકીકતો જણાવેલી છે જે તે સમયે વીડીયોગ્રાફી થતી ન હતી. જેથી પ્રતિવાદી નં– ૧ થી ૪ અને વાદીના વારસોની ગેરહાજરીમાં થયેલી છે. ફરીયાદ થયેલાની હકીકત આંશીક રીતે થયેલી છે અને પ્રતિવાદી નં-૭ અને ૮ નાઓ પોતાની રીતે મેનેજ કરીને સાક્ષી તરીકે આવી ગયેલા છે. આથી, પ્રતિવાદી નં-૧ થી ૪ અને વાદીનો હકક નાબુદ થઇ શકતો નથી તેમજ પ્રતિવાદી નં-૧ થી ૪ હીત ધરાવતા પક્ષકારો છે. પ્રતિવાદી નં-૮ ની એવી દલીલ છે કે, પ્રતિવાદી નં-૧ થી ૪ નાઓએ દાવો કરેલો નથી પરંતુ એક થી વધુ વારસો હોય તો એક વારસ દાવો કરે અને બીજા પ્રતિવાદી તરીકે જોડી શકે છે. આંક-૧૨૦ થી પ્રતિવાદી સુરેશભાઇનું પુરાવાનું સોગંદનામું રજુ છે. તે જોતાં દસ્તાવેજમાં તેઓની સહી નથી કે સોગંદનામું કરનારનો આધાર પુરાવો પણ લીધેલ નથી. ટે. આંક-૧૩૫ વાળું બાનાખત કરવામાં આવ્યું ત્યારે પ્રતિવાદી નં-૭ અને ૮ જાણતા હતા કે નવી શરતની જમીન હતી અને વારસો છે અને જયારે નવી શરતની જમીન હોય ત્યારે કાયદાકીય જોગવાઇઓ મુજબ તે જમીનનો કરવામાં આવેલ બાનાખત વોઇડ અબ ઇનીશીયો છે અને પ્રતિવાદી નં-૭ અને ૮ નાએ જાણી જોઇને તેઓને છેતરવાનો પ્રયાસ કરેલો છે. ઉપરાંતમાં, સર્વે નં-૫૧ માં અન્ય વાદીના વારસોને પક્ષકાર તરીકે જોડેલા નથી. બાનાખત કરાર છે તેમાં વાદીની સહી નથી, દાવાવાળી મિલકત તે નવી શરતની જમીન છે અને આથી તે બાનાખતનો અમલ થઇ શકે નહી. પ્રતિવાદી નં-૧ થી ૪ નાએ કે વાદીએ સદરહું વાદગ્રસ્ત જમીન જુની શરતમાં ફેરવવા માટે કોઇ કાર્યવાહી કરેલ નથી અને પ્રતિવાદી નં-૭ અને ૮ નાએ જાતે જ કાર્યવાહી કરેલી છે. પ્રતિવાદી નં-૮ તેઓની ઉલટ તપાસમાં કબુલ રાખે છે કે, પેમેન્ટ ચુકવ્યાનો કોઇ આધાર પુરાવો તેઓની પાસેથી નથી એન જયારે ૨ લાખ થી વધારે રકમની ચુકવણી કરવાની હોય તો તે તે ચુકવણી બેંક મારફતે કરવાની હોય છે અને તેમ છતાં આવો કોઇ પુરાવો પ્રતિવાદી નં-૭ અને ૮ નાએ રજુ કરેલો નથી. પ્રતિવાદી નં-૭ અને ૮ રૂ. ૪,૯૫,૦૦૦/– ની રકમનો ખુલાસો કરી શકેલ નથી. અવેજનો ખુલાસો કરવામાં પ્રતિવાદી નં-૭ અને ૮ નિષ્ફળ નીવડેલ છે. ઉપરાંતમાં, વાદગ્રસ્ત મિલકતનો પઝેશન બાબતનો ખુલાસો કરવામાં પણ પ્રતિવાદી નં-૭ અને ૮ નિષ્ફળ નીવડેલ છે. ઉપરાંતમાં, જે બાનાખત કરવામાં આવેલ તેમાં એક સાક્ષી ધર્મેન્દ્ર ભાઇ હતા પરંતુ તેઓને તે ઓળખતા ન હોવાનું જણાવે છે. ઉપરાંતમાં, સદરહું વાદગ્રસ્ત જમીન યોગરાજસિંહને આપી દેવામાં આવે છે

ને તરત જ જમીન પર ધિરાણ લેવામાં આવે છે કે જેથી જમીનની તકરાર ન થઇ શકે. યોગરાજસિંહ તે જમીન ધારણ કરનાર છે અને તે જ જમીનના વેચાણ દસ્તાવેજમાં સાક્ષી તરીકે છે. તેઓ પ્રતિવાદી નં-૮ ના અંગત માણસો છે અને તેને લાવી પ્રતિવાદી નં-૨ હાજર હતા તેવો પુરાવો આપી શકયા હોય પરંતુ આવી કોઇ હકીકત સાબિત થતી નથી અને હાલના દાવાને લીમીટેશનનો બાધ પણ નડતો નથી. વાદગ્રસ્ત મિલકત તે વણવહેંચાયેલી મિલકત છે અને તે મિલકતનો ગેરકાયદેસર દસ્તાવેજ થયેલો છે અને જો તે દસ્તાવેજ રદ કરવામાં આવે તો ન્યાય મળી શકે તેમ છે. જેથી, વાદીનો દાવો મંજુર કરવા અરજ ગુજારેલી છે.

પ્રતિવાદી નં-૮ ના વિ.વ.શ્રી જે. કે. સોમાણીનાઓ દલીલ કરતાં જણાવે છે કે, આ કામના વાદીઓએ આ કામના પ્રતિવાદીઓ સામે દસ્તાવેજ રદ કરવાનો, ડેકલેરેશનનો તેમજ કાયમી મનાઇ હુકમ માટે દાવો દાખલ કરેલ છે. વાદીની મુળ દાવા અરજીમાં વાદી નં-૨ થી ૪ નાઓ સગીર હતા બાદમાં તેઓ પુખ્ત વયના થતાં વાદી તરફથી સુધારા અરજી આપતા જે નામદાર કોર્ટ ધ્વારા મંજુર કરવામાં આવતા નવી સુધારેલ દાવા અરજી વાદીઓ તરફે રજુ કરવામાં આવેલ છે. પ્રતિવાદી નં-૮ ના વિ.વ.શ્રી દલીલ કરતાં જણાવે છે કે, વાદીઓનો દાવો ટકવા પાત્ર નથી કારણે કે સી.પી.સી. ઓર્ડર-૨, રૂલ-૨ મુજબ જયારે મુખ્ય દાદ માંગવામાં ન આવી હોય તો દાવો ટેનેબલ નથી. હાલના દાવામાં વાદીએ પાર્ટીશનની દાદ માંગેલ નથી અને આથી વાદીઓનો દાવો ટકવા પાત્ર નથી. વાદીઓએ તેઓની દાવા અરજીનાં પેરા નં-૧૧ ની દાદમાં જોતાં તેઓ સહમાલ્કિ છે તેવું ઠરાવવા માટેની દાદ માંગેલી છે પરંતુ ખરી હકીકતે તેઓએ પાર્ટીશન માંગીને સદરહું દસ્તાવેજ તેઓને બંધન કર્તા નથી તેવી દાદ માંગવી જોઇએ. ઉપરાંતમાં, વાદીની દાવા અરજીના પેરા નં-૩ ને જોવામાં આવે તો, તેમાં કુલ પાંચ વારસદારોની વારસાઇની નોંધ નોંધ નં-૪૨૧ થી તા. ૧૩/૦૨/૨૦૦૬ ના રોજ કરવામાં આવેલ છે પરંતુ તેમાં વાદીનો હીસ્સો કેટલો તે તેઓએ જાહેર કરેલ નથી. ઉપરાંતમાં, સદરહું વારસાઇ નોંધમાં કાળુભાઇને છુપાવેલ હોય તેવું પણ બનેલ નથી. ઉપરાંતમાં કુલ ત્રણ મિલકતો હતી તેથી ટે. આંક-૧૩૫ વાળા દસ્તાવેજને પાંકો આંક કેવી રીતે આપવો. ઉપરાંતમાં, વાદીન આંક-૪૨ થી રજુ સરતપાસની સામે તેઓની ઉલટ તપાસ જોતાં તેમાં પેરા નં-૨૧ માં તેઓ સર્વે નં-૭૧ અને ૭૨ નો દસ્તાવેજ થઇ ગયો હોવા છતાં તેને ચેલેન્જ કરતાં નથી અને આથી એસ્ટોપ્લ નો સિધ્ધાંત

લાગુ પડે છે. નો બડી કેન પીક એન્ડ ચુઝ, જો તેમ કરવામાં આવે તો ત્યાં એસ્ટોપ્લનો સિધ્ધાંત લાગુ પડે છે અને કાળુભાઇએ પોતે સહી કરેલી છે ત્યારે ફ્રોડ છે તેવું માની શકાય નહી. બાનાખત અને વેચાણ દસ્તાવેજ બંધનકર્તા નથી તેવી કોઇ દાદ વાદીઓએ માંગેલ નથી. ત્રણ જમીનો સર્વે નં-૭૧ પૈકી, ૭૨ અને ૫૧ છે અને બાનાખત વખતે કાળુભાઇ પોતે હયાત હતા. આ બાનાખતના અમલ માટે પ્રતિવાદી નં-૮ આવેલ નથી. જેથી,ગુજરાત ટેનન્સી એકટની કલમ-૪૩ તેઓને લાગુ પડી શકે નહી. ઉપરાંતમાં, વાદીઓ તરફે રજુ કરેલા ચુકાદા હાલના દાવાને લાગુ પડતા નથી. ઉપરાંતમાં, રજીસ્ટ્રેશન એકટની કલમ-૪૯ મુજબ આનુષંગિક હેતુ માટે મિલકતની માલિકી સિવાયની કોઈ આડકતરી બાબત સાબિત કરવી હોય તો જ કોર્ટ તેને પુરાવા તરીકે ધ્યાને લેશે તેવું તે કલમમાં ઠરાવેલ છે. કાળુભાઇની સહી છે તે એડમીટ કરેલ છે. વાદી કાળુભાઇ કે પ્રતિવાદી નં-૫ સાથે રહેલ હોય તેવું બનેલ નથી અને ફેમીલી ડીસ્પયુટ છે. ઉપરાંતમાં, પેઢીનામામાં કયાંય પોતે કાળુભાઇના વારસદાર છે તેવું પુરવાર કરેલ નથી અને આથી વાદીની ઉલટ તપાસ જોતાં વાદીએ બેદરકારી દાખવેલ છે તે પુરવાર થાય છે. વાદીએ સર્વે નંબર-૭૧ અને ૭૨ વાળી મિલકત માટે કોઇ લીટીગેશન દાખલ કરેલ નથી. ઉપરાંતમાં, કાળુભાઇના વારસો સીવાય બીજા કોઇએ દાવો દાખલ કરેલો નથી. ઉપરાંતમાં, આંક-૭૭ વાળા દસ્તાવેજને વાદી ચેલેન્જ કરતાં નથી તેમાં કાળુભાઇએ સહી કરેલ છે તો તેને ચેલેન્જ કરતા નથી તો બાનાખત ત્રણેય પ્રોપર્ટીના વેચાણ માટેનું છે તો તેને ચેલેન્જ કરી શકે નહી. વાદીઓએ સુરેશભાઇ સાથે સમાધાન કરી લીધેલ છે અને અને બીજા કોઇ પ્રતિવાદીઓએ દાવો કરેલો નથી. તેમજ પ્રમાણિત થયેલ નોંધ પણ બીજા પ્રતિવાદીઓએ ચેલેન્જ કરેલ નથી. વધુમાં પ્રતિવાદી નં-૮ તરફે તેઓના વિ.વ.શ્રી દલીલ કરતાં જણાવે છે કે, હકક કમીની નોંધ સુરેશભાઇએ પડાવેલી છે. આંક-૮૨ થી વાદીના સાહેદ મહાવીરસિંહ હેમંતસિંહ ને તપાસેલા છે તેઓ નાયબ મામલતદાર તરીકે ધોલેરામાં ફરજ બજાવે છે અને તેઓએ જે દસ્તાવેજો રજુ કરેલા છે તેમ કયાંય પ્રતિવાદી નં-૭ અને ૮ ની સહીઓ નથી અને આથી પ્રતિવાદી નં-૭ અને ૮ નું કોઇ ઇન્વોલ્વમેન્ટ નથી તેમજ પ્રતિવાદી નં-૭ અને ૮ સામે સીટમાં કોઇ ફરીયાદ પણ દાખલ કરેલ નથી. વાદીએ ફરીયાદ દાખલ કરેલી જેને ફોજદારી કેસ ૨૭૧/૨૦૧૭ આપવામાં આવેલ છે. વધુમાં પ્રતિવાદી નં-૮ ના વિ.વ.શ્રી તેઓની દલીલમાં જણાવે છે કે, વાદી ધ્વારા માર્ક-૨૭/૧ અને ૨૭/૨ થી જે દસ્તાવેજો રજુ કરેલા

છે તે દસ્તાવેજો વંચાણે લેવા જોઇએ અને તે જોતાં પ્રતિવાદી નં-૮ સામે કોઇ ગુનો થયલ હોવાનું ફલીત થતું નથી. વધુમાં, વાદી તેઓની ઉલટ તપાસમાં કબુલ રાખે છે કે, તેઓને સુરશેભાઇ તથા બહાદુરભાઇ સાથે સમાધાન થઇ ગયેલું છે. આંક-૮૩ થી ૯૬ સુધીના એક પણ દસ્તાવેજમાં પ્રતિવાદી નં-૭ અને ૮ ની સહી નથી. ઉપરાંતમાં, આંક-૯૫ થી રજુ હકક કમીનું ડેકલેરેશન છે અને તેની નોંધને પણ ચેલેન્જ કરેલ નથી અને આથી પ્રતિવાદી નં-૨ ને ઘરના અન્ય સભ્યો સાથે વાંધો છે પરંતુ તેમાં ખરીદનારનો કોઇ રોલ નથી. પ્રતિવાદી નં-૭ અને ૮ બોનાફાઇડ પરચેઝર છે. હકક કમીની નોંધ જોઇ, બાકીના વારસો નથી તેવું સોગંદનામું જોઇને દસ્તાવેજ કરેલ છે. આંક-૧૧૮ થી રજુ એફ.આઇ.આર.ની નકલ જોતાં તેમાં પણ પ્રતિવાદી નં-૮ ને આરોપી તરીકે દર્શાવેલ નથી. વધુમાં, આંક-૧૨૦ થી રજુ પ્રતિવાદી નં-૨ ની ઉલટ તપાસ જોતાં તેઓ જણાવે છે કે, ભરતસિંહ હેમંતસિંહ ચુડાસમાને તેઓ ઓળખતા નથી તેમજ જયારે હકક કમીની નોંધ કરવામાં આવી ત્યારે વારસદાર છે કે કેમ તેની પ્રતિવાદી નં-૭ અને ૮ ને ખબર ન હોય તે સ્વભાવિક છે. સર્વે નં-૭૧ અને ૭૨ વાળા દસ્તાવેજ ને ચેલેન્જ કરેલ નથી. ઉપરાંતમાં, આંક-૭૧ થી રજુ દસ્તાવેજ જોતાં તેમાં કલેકટરશ્રીએ રીવીઝન અરજી નામંજુર કરેલ છે અને નોંધ નં--૭૪૧ નામંજુર કરતો હુકમ યથાવત રાખેલ છે. આ હુકમમાં કયાંય પ્રતિવાદી નં-૭ અને ૮ નાઓએ ષડયંત્ર કરેલ હોય તેવું જણાવેલ હોય તેવું બનેલ નથી. તેમજ જેમણે હકક ઉઠાવેલ છે તેઓએ વાંધાઅરજી કરી નથી. પ્રતિવાદીએ સદરહું વાદગ્રસ્ત જમીન ખરીદ કરી ત્યારે નોંધ નં-૭૦૯ પ્રમાણિત થયેલી જ હતી તેમજ જયારે વાદીએ સીટમાં અરજીકરી ત્યારે પણ તે નોંધ પ્રમાણિત થયેલી જ હતી. ઉપરાંતમાં, ષડયંત્ર પાછળ પ્રતિવાદી નં-૨ નો હાથ છે તે હકીકત વાદીએ સ્વીકારેલ છે પણ છે અને તેણે જેલમાં પણ જવું પડયું છે. ઉપરાંતમાં, ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ-૪૧ જોતાં Ostensible Owner ની વ્યાખ્યા જણાવવામાં આવેલ છે, એટલે કે પ્રતિવાદી નં-૨ એ પ્રતિવાદી નં-૭ અને ૮ ને દસ્તાવેજ કરી આપેલો છે અને બાકી બધાએ મુક સંમતિ આપેલી છે. ઉપરાંતમાં અગાઉ થયેલા બે દસ્તાવેજોને કોઇએ ચેલેન્જ આપેલ નથી. ઉપરાંતમાં, દસ્તાવેજમાં તેમજ સોગંદનામામાં પ્રતિવાદી નં-૨ની સહી છે અને આથી સ્પેસીફીક રીલીફ એકટની કલમ-૧૯(બ) લાગુ પડે છે. વાદી તરફે રજુ ચુકાદો – ૧ જોવામાં આવે તો, પ્રતિવાદી નં-૮ નાએ નોંધ પડાવેલ નથી કે તેઓએ છુપાવેલ નથી અને

પ્રતિવાદી નં-૭ અને ૮ નું ઇનવોલ્વમેન્ટ હકક કમીમાં હોય તોજ આ ચુકાદો લાગુ પડે છે પરંતુ પ્રતિવાદી નં-૭ અને ૮ નું કોઇ ઇનવોલ્વમેન્ટ ન હોય સદરહું ચુકાદાના તત્વો વાદીના દાવાને મદદરૂપ થતાં નથી. ઉપરાંતમાં, વાદી તરફે રજુ ચુકાદો - ૨ જોવામાં આવે તો, તે ચુકાદો પણ તેઓના દાવાને મદદરૂપ થતો નથી. રજીસ્ટ્રેશન વાળો દસ્તાવેજ એ માલીકીનો પુરાવો જ છે અને રેવન્યુ રેકર્ડ એ માં ફીસ્કલ પર્પઝ માટે જ છે. ઉપરાંતમાં, દસ્તાવેજમાં ખોટી સહીઓ હોય તેવું પણ નથી અને આથી ચુકાદો નં-૨ પણ વાદીને મદદરૂપ થતો નથી. ઉપરાંતમાં, વાદી તરફે રજુ ચુકાદો -૩ ધ્યાને લેતાં તે પણ વાદીના દાવાને લાગુ પડતો નથી. કારણકે, દસ્તાવેજમાં સહી કરનાર તમામની સહી છે અને આથી સદરહું દસ્તાવેજ વોઇડ અબ ઇનીશીયો નથી. વોઇડ અને વોઇડેબલ એ બંને અલગ અલગ છે. ઉપરાંતમાં, વાદી તરફે ચુકાદો-૪ પણ તેઓની દાવા અરજીને લાગુ પડતો નથી. કારણકે, બાનાખતના એનફોર્સમેન્ટ માટે હાલનો દાવો દાખલ કરેલો નથી. ઉપરાંતમાં, મુદ્દા નં-૧ પણ વાદી સાબિત કરી શકેલ નથી. વાદી સાબિત કરી શકેલ નથી કે તેઓ ગુજરનાર કાળુભાઇના વિધવા હતા તેમજ પોતે એકલા માલીક હોય અને ફ્રોડ થાય  તો જ તે મુદ્દા નં-૨ લાગુ પડે છે પરંતુ તેવું બનેલ નથી. ઉપરાંતમાં, વોઇડ અને વોઇડેબલ બંને અલગ કાયદાકીય ટર્મ્સ છે. મુદ્દા નં-૩ પણ પુરવાર થઇ શકેલ નથી. તેમજ મુદ્દા નં-૪ જોવામાં આવે તો પ્રતિવાદી નં-૭ અને ૮ તે દાવાવાળી મિલકતના બોનાફાઇડ પરચેઝર છે અને તેઓએ શુધ્ધ બુધ્ધીથી દસ્તાવેજ કરેલ છે. મુદ્દા ૫ જોતાં તેમાં વાદીના દાવાને મીસજોઇન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડે છે કારણ કે પ્રતિવાદી નં-૫ અને ૬ નાઓ તે સાક્ષી છે. વાદીએ તકરારી દસ્તાવેજ રજુ કરેલ નથી. પ્રતિવાદી નં-૫ અને ૬ સોગંદનામાનાં પંચનામાના સાક્ષીઓ છે. વાદી તેઓની દાવા અરજીમાં જણાવે છે કે, પ્રતિવાદી નં-૧ થી ૪ ના એ ત્રાસ આપીને વાદીને કાઢી મુકલ છે. પ્રતિવાદી નં-૫ અને ૬ દસ્તાવેજના સાક્ષી નથી. આથી મીસજોઇન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડે છે. ઉપરાંતમાં, વાદી પાર્ટીશનની દાદ માંગ્યા વગર દસ્તાવેજ કેન્સલેશનની દાદ માંગી શકે નહી. આમ, પ્રતિવાદી નં-૮ના વિ.વ.શ્રી નામદાર હીમાચલ પ્રદેશ હાઇકોર્ટના **Vijay Kumar & Others Vs. Anant Ram Alias Nantu(Second Appeal No. 514/06)** ચુકાદા પર આધાર રાખે છે અને તેઓ વાદગ્રસ્ત જમીનના બોનાફાઇડ પરચેઝર હોય તેમજ પ્રતિવાદીના વિ.વ.શ્રી તરફે નામદાર સર્વોચ્ચ અદાલતનો **Ram Saran And Anr. Vs. Smt Ganga**

**Devi(1973 2 SCC 60)** ચુકાદો તેમજ **Vinay Krishna Vs. Keshav Chandra and Anr.** નો ચુકાદો રજુ રાખી તેમાં પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો પર આધાર રાખી, વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરવા અરજ ગુજારેલી છે.

(૧૯) **-: નિર્ણય માટેના કારણો:-**

પક્ષકારો વચ્ચેની તકરારનું સ્વરૂપ અને રજુ કરેલા પુરાવા અને પોત પોતાના પક્ષને સાબિત કરવા બંન્ને પક્ષોએ આધાર રાખેલ છે તેવા પુરાવા અને વિધાનો લક્ષમાં લઈ ઉપરોક્ત મુદદાઓની ચર્ચા કરતાં અગાઉ **ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ થી ૧૦૫** ની જોગવાઈઓ અને તે અંગેના કેટલાક ચુકાદાઓ નજર સમક્ષ રાખવા જરૂરી જણાય છે. ઉપરોકત જોગવાઈઓ **સાબિતના બોજા (Burden of Proof )** વિશે માર્ગદર્શન આપે છે જેનો ટુંકમાં સાર જોતાં, કોઈ પણ વ્યકિત ઈચ્છતી હોય કે પોતે પ્રતિપાદન કરે છે તે હકીકતોના અસ્તિત્વના આધાર પરથી કોઈ અદાલત કોઈ **કાનુની અધિકાર અથવા જવાબદારી** અંગે ચુકાદો આપે તેણે તે હકીકત અસ્તિત્વમાં છે તેમ સાબિત કરવું પડે. જ્યારે કોઈ હકીકતોનું અસ્તિત્વ સાબિત કરવા એક વ્યકિત બંધાયેલ હોય ત્યારે એમ કહેવાય કે તે વ્યકિત ઉપર **સાબિતીનો બોજો** છે. આ જોગવાઈઓ મુજબ પુરાવાનો અભિગમ હકારાત્મ હોય છે. નકારાત્મક રીતે કોઈ પણ હકીકત સાબિત થાય નહીં, જેને કાનુની સહાય જોઈએ તેણે પોતાની હકીકત સાબિત કરવી પડે અને સામા પક્ષની નબળાઈ મદદરૂપ થઈ શકે નહી. આ સિધ્ધાંત **ભારતીય પુરાવા અધિનિયમ કલમ- ૧૦૨ થી ૧૦૪**નો આધાર છે. **નિરાકારદાસ વિરૂધ્ધ ગોર હરીદાસ, એ.આઇ.આર. ૧૯૯૫ ઓરીસ્સા ૨૭૦** ના ચુકાદામાં ચર્ચવામાં આવેલ છે કે જયારે વાદી પોતાનો દાવો લઇ અદાલત સમક્ષ આવતા હોય ત્યારે તેમણે જે હકીકત સંભવિતતાની ઉંચી માત્રા અને સમતોલ પુરાવાથી અને માત્ર પોતાના પુરાવા પરથી જ સાબિત કરવાની રહે છે. પ્રતિવાદીએ કોઇપણ બચાવ લીધો હોય અને પોતાનો કેસ સાબિત કરી શકે નહિં તો માત્ર એટલા કારણસર વાદીનો દાવો સાચો છે તેમ કહી શકાય નહિં. એટલે કે વાદી પોતાનો દાવો પોતાના પુરાવાથી સાબિત કરવાનો હોય છે, સામાપક્ષનો નબળો પુરાવો હોવાના કારણે વાદી નો પક્ષ સાચો થઇ જતો નથી.

**(૨૦)** સદર દાવાની ગુણદોષ ઉપર ચર્ચા કરતા પહેલા આ કામે રજુ થયેલ પુરાવો ધ્યાને લેવો જરૂરી છે. વાદીઓ તરફે વાદી નં. ૧ રંજનબેન કાળુભાઇ તળશીભાઇ રાઠોડનું આંક-૪૨ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલું છે જેમાં તેઓએ દાવા અરજી મુજબની હકીકતો જણાવેલી છે તેથી તેનું પુનરાવર્તન ટાળવાના હેતુથી ફરીથી અહીં ચર્ચા કરવામાં આવતી નથી. આ ઉપરાંત સદર વાદી નં.૧ ની પ્રતિવાદીઓ તરફે વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલી છે, જેનું શબ્દશ: પુનરાવર્તન કરવામાં આવતુ નથી અને જરૂર જણાયેથી સુસંગત પુરાવા નું વર્ણન કરવામાં આવેલ છે. આ કામે વાદીપક્ષ દ્વારા પોતાના દાવાના સમર્થન માં આંક-૫૧ થી આંક-૫૬, ટેન્ટેટીવ આંક-૫૭, ટે.આંક-૫૮, આંક-૫૯, ટે.આંક-૬૦ થી ટે.આંક-૬૪ તથા આંક-૬૫ થી ૬૯, આંક-૭૧, ૭૨, ટે.આંક-૭૫, ટે.આંક-૭૬ તથા આંક-૭૭ મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે, જેનું વિગતવારનું વર્ણન સદર ચુકાદાના પારા નં. ૧૧ માં કરવામાં આવેલ છે. ત્યારબાદ વાદી તરફે સાહેદ સમન્સ ની અરજી રજુ કરી આંક–૮૨ થી સાહેદ મહાવીરભાઇ હેમંતસિંહ પઢીયારનાઓ સોગંદ ઉપર ની જુબાની નોંધવામાં આવેલી છે, જેઓ પોતે નાયબ મામલતદાર, ધોલેરા તરીકે ફરજ બજાવે છે અને પોતે પોતાના પુરાવા દરમ્યાન આંક-૮૩ તથા આંક-૮૫ થી ૯૫ સુધીના રેવન્યુ રેકર્ડ ની ખરીનકલો પોતાની કચેરીમાંથી મેળવી અદાલતના હુકમ મુજબ રજુ કરેલી છે. પ્રતિવાદી નં. ૭, ૮ તરફે સદર સાહેદની વિગતવારની ઉલટતપાસ નોંધવામાં આવેલી છે જયારે પ્રતિવાદી નં. ૧ થી ૬ તરફે કોઇ હાજર રહેલ ન હોય, સદર સાહેદ ની ઉલટતપાસ નો હકક બંધ કરવામાં આવેલ છે. તદુપરાંત સદર સાહેદ ની ઉલટતપાસ નો હકક ખોલવા માટેની અરજી પ્રતિવાદી નં. ૧ થી ૬ તરફે રજુ થયેલી નથી. સદર સાહેદની જુબાની નું શબ્દશ: વર્ણન આ ચુકાદામાં કરવામાં આવતુ નથી અને જરૂર જણાયેથી સુસંગત પુરાવાનું વર્ણન કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે વાદીપક્ષ તરફે આંક-૯૭ થી સાહેદ સમન્સ ની અરજી રજુ કરતા ધંધુકા ઇ–ધરા શાખા ના નાયબ મામલતદાર શ્રી પ્રકાશકુમાર ખેમાભાઇ પટેલ ની સોગંદ ઉપર ની જુબાની આંક-૯૯ થી નોંધવામાં આવેલી છે. જેઓએ પોતાના પુરાવા દરમ્યાન વહીવટી પત્રવ્યવહાર આંક-૧૦૦ થી રજુ કરેલો છે. જેથી તેઓની જુબાની નું પણ શબ્દશ: વર્ણન કરવામાં આવેલ નથી. ત્યારબાદ વાદીપક્ષ તરફે આંક-૧૦૧ થી દસ્તાવેજો રજુ કરવા મામલતદાર કચેરી, ધોલેરા નાઓને સમન્સ ઇસ્યુ કરતા આંક-૧૦૨ ના પત્ર સાથે આંક-૧૦૩ થી

આંક-૧૧૬ સુધીના સાધનીક કાગળોની ખરીનકલ તેઓના કબજા માંથી રજુ કરવામાં આવેલી છે. ત્યારબાદ વાદીપક્ષ તરફે આંક-૧૧૮ થી એફ.આઇ.આર. ની ખરીનકલ રજુ થતાં આંક-૧૧૯ થી પોતે કલોઝીંગ પુરશીષ રજુ કરેલી છે.

**(૨૧)** વાદીપક્ષ તરફે પુરાવો પુરો કર્યાનું જાહેર થયા બાદ પ્રતિવાદી નં. ૧ થી ૪ તરફે પ્રતિવાદી નં. ૨ સુરેશભાઇ તળશીભાઇ નું સરતપાસ નું સોગંદનામુ રજુ થયેલુ છે જેમાં તેઓએ પોતાના જવાબ મુજબ ની હકીકત નું પુનરાવર્તન કરેલ હોય, જેનું શબ્દશ: વર્ણન કરવામાં આવેલ નથી. તેમજ સદર પ્રતિવાદી નં. ૨ ની વાદી દ્વારા ઉલટતપાસ નોંધવામાં આવેલી છે જે વંચાણે લીધી. તદુપરાંત પ્રતિવાદી નં. ૨ વાદીના દાવાને સમર્થન કરતા હોય, પ્રતિવાદી નં.૭ અને ૮ તરફે ઉલટતપાસ માટે રાખવામાં આવેલ. પ્રતિવાદી નં. ૮ તરફે સદર પ્રતિવાદી નં. ૨ ની ઉલટતપાસ નોંધવામાં આવેલ છે જયારે પ્રતિવાદી નં. ૭ ને પુરતી તકો મળેલ હોવા છતાં હાજર રહેલ ન હોય, તેઓનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. સદર ઉલટતપાસ નું શબ્દશ: પુનરાવર્તન ટાળવામાં આવેલ છે. ત્યારબાદ પ્રતિવાદી નં. ૮ નું સરતપાસ નું સોગંદનામુ આંક-૧૨૬ થી રજુ થયેલુ છે જેમાં તેઓએ પોતાના જવાબ મુજબ ની હકીકતનું પુનરાવર્તન કરવામાં આવેલ છે અને પોતાના બચાવના સમર્થનમાં આંક-૧૩૦ થી આંક-૧૩૪ તથા ટેન્ટેટીવ આંક-૧૩૫ સુધીના દસ્તાવેજો રજુ કરેલા છે, જેનું વર્ણન ચુકાદાના પારા નં. ૧૧ માં કરવામાં આવેલ છે. સદર પ્રતિવાદી નં. ૮ ની વાદી તરફે તેમજ પ્રતિવાદી નં. ૧ થી ૬ તરફે વિગતવારની ઉલટતપાસ નોંધવામાં આવેલી છે, જેનું શબ્દશ: પુનરાવર્તન ટાળી સદર પુરાવાનું જરૂર જણાયેથી વર્ણન કરવામાં આવેલ છે. આ ઉપરાંત પ્રતિવાદી નં. ૮ તરફે આંક-૧૩૮ થી સાહેદ પુંજાભાઇ ગગજીભાઇ વાઘેલા નું સરતપાસ નું સોગંદનામુ રજુ કરવામાં આવેલુ છે. સદર સાહેદ એ ટેન્ટેટીવ આંક-૧૩૫ વાળા નોટરાઇઝ્ડ કબજા વગર ના બાનાખત ના સાહેદ છે. જેઓની વિગતવારની ઉલટતપાસ વાદી તરફે તથા પ્રતિવાદી નં. ૧ થી ૬ દ્વારા લેવામાં આવેલ છે, જેનું શબ્દશ: પુનરાવર્તન કરવામાં આવતુ નથી અને જરૂર જણાયેથી વર્ણન કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રતિવાદી નં. ૧ થી ૬ તરફે આંક-૧૩૬ થી અને પ્રતિવાદી નં. ૮ નાઓએ આંક-૧૩૯ થી કલોઝીંગ પુરશીષ રજુ કરેલ છે. હવે, ઉપરોકત પુરાવાના આધારે આ કામે ઘડવામાં આવેલ મુદ્દાઓની ચર્ચા નીચે મુજબ કરવામાં આવે છે.

**મુદા નં- : ૫: શું વાદી ના દાવા ને જરૂરી પક્ષકાર અને સમય મર્યાદાની જોગવાઇનો બાધ નડે છે?**

**(૨૨)** સદર દાવાના કામે હકીકત અને કાયદાના અન્ય મુદ્દાઓ અંગે નિર્ણય કરતા પહેલા મુદ્દા નં. ૫ એટલે કે પક્ષકારની ખામીના બાધ અંગે અને સમય મર્યાદાની જોગવાઇનો વાદીના દાવાને બાધ નડે છે કે કેમ તે અંગે ચર્ચા કરવી જરૂરી જણાય છે. આ દાવાના કામે વાદીએ હાલનો દાવો કુલ ૮ પ્રતિવાદીઓ સામે દાખલ કરેલો છે અને દાવાના કામે કુલ ૪ વાદીઓ છે. વાદી નં. ૧ એ ગુજ. કાળુભાઇ તળશીભાઇ ના વિધવા પત્ની છે, જયારે વાદી નં. ૨ થી ૪ એ ગુજ. કાળુભાઇ તળશીભાઇ ના સંતાનો છે. ગુજ. કાળુભાઇ તળશીભાઇ ના અન્ય કોઇ વારસદારો છે અને તેઓને જોડવામાં આવેલા નથી તેવો બચાવપક્ષ નો બચાવ નથી. હવે, દાવાવાળી મિલકત જોવામાં આવે તો આ દાવાવાળી મિલકત મોજે ગામ નવાગામ, તા. ધોલેરા, જી. અમદાવાદ ની સીમ માં આવેલ રેવન્યુ સર્વે નં. ૫૧ વાળી ખેતીની જમીન છે. દાવા અરજી માં પક્ષકારો વચ્ચે ની તકરાર જોવામાં આવે તો દાવાવાળી જમીન ના મુળ માલીક વાદી નં.૧ ના સસરા તળશીભાઇ હતા, જેઓનું તા. ૧૩/૦૨/૨૦૦૬ ના રોજ અવસાન થતાં તા. ૨૯/૦૫/૨૦૦૬ ના રોજ થયેલ વારસાઇ નોંનં. ૪૨૧ મુજબ આ દાવાવાળી જમીન માં કુલ પાંચ વારસદારો ના નામ દાખલ થવા પામેલા છે. જે આંક-૫૩ અને આંક-૧૦૪ થી રજુ થયેલ નોંધ નં. ૪૨૧ જોવામાં આવે તો આ નોંધ તા. ૨૧/૦૭/૨૦૦૬ ના રોજ પ્રમાણિત થતાં દાવાવાળી સર્વે નં. ૫૧ વાળી ખેતીની જમીન માં વારસદારો તરીકે અમુબેન તળશીભાઇ, કાળુભાઇ તળશીભાઇ, સુરેશભાઇ તળશીભાઇ, બહાદુરભાઇ તળશીભાઇ તથા હંસાબેન તળશીભાઇ નું નામ દાખલ થવા પામેલ છે. જે તમામ વારસદારો પૈકી કાળુભાઇ તળશીભાઇ અવસાન પામેલા હોય, જેઓના વારસદાર તરીકે વાદીઓ છે, જયારે બાકીના ખાતેદારો ને આ કામે પ્રતિવાદી નં.૧ થી ૪ તરીકે દાખલ કરવામાં આવેલ છે. હાલનો દાવો જોવામાં આવે તો વાદીઓએ એવા આક્ષેપ સાથે દાવો દાખલ કરેલ છે કે પ્રતિવાદી નં. ૨ નાએ ખોટી રીતે ગુજ. કાળુભાઇ તળશીભાઇ બિનવારસ અવસાન પામેલ છે તેવુ સોગંદનામુ કરી આપેલ અને ત્યારબાદ વાદીના હકક ને નુકશાન થાય તે રીતે પ્રતિવાદી નં. ૭ અને ૮ ને રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરી આપેલ છે. વાદીઓ દ્વારા દાવાના કામે દાવાવાળી મિલકત ખરીદનાર ને પ્રતિવાદી નં. ૭ અને ૮ તરીકે જોડવામાં આવેલા છે. તેમજ આંક–૯૧ તથા આંક-૧૧૧ થી રજુ થયેલ હકક કમી અંગેના પ્રતિવાદી નં. ૧, ૩ અને ૪ ના જવાબ માં સાક્ષી

પુરનાર પંચો ને દાવાના કામે પ્રતિવાદી નં. ૫ અને ૬ તરીકે જોડવામાં આવેલા છે. આવા સંજોગોમાં દાવાના કામે કોઇ જરૂરી પક્ષકારની ખામીનો બાધ નડતો હોય, તેવુ રજુ થયેલ પુરાવાના આધારે જણાઇ આવતુ નથી. જેથી દાવાને પક્ષકારની ખામીનો બાધ નડતો ન હોવાનું ઠરાવવામાં આવે છે.

**(૨૩)** હવે, વાદીઓ ના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે કે કેમ તે બાબતે ચર્ચા કરવામાં આવે તો, વાદી નં. ૧ ના પતિ કાળુભાઇ તળશીભાઇ તા. ૧૨/૦૯/૨૦૧૦ ના રોજ અવસાન પામેલા છે અને જેનું પ્રમાણપત્ર આ કામે આંક-૫૪ થી રજુ થયેલુ છે. આ પ્રમાણપત્ર મુજબ વાદી નં. ૧ ના પતિ કાળુભાઇ તળશીભાઇ તા. ૧૨/૦૯/૨૦૧૦ ના રોજ અવસાન પામેલા, તેની નોંધ તા. ૨૦/૦૯/૨૦૧૦ ના રોજ કરવામાં આવેલી છે. વધુમાં વિવાદીત ગામ નમુના નં. ૬ હકકપત્રક ની નોંધ નં. ૭૦૯ જેમાં કાળુભાઇ તળશીભાઇ બિનવાસર અવસાન પામેલા હોવાથી તેઓનું નામ કમી કરવા માટેની નોંધ ની ખરીનકલ આંક – ૫૫ થી અને ત્યારબાદ આંક-૮૭, ૧૦૫ અને ૧૦૭ થી રજુ કરવામાં આવેલી છે, જે તા.૨૩/૦૫/૨૦૧૧ ના રોજ પ્રમાણિત થયેલી છે અને ત્યારબાદ દાવાવાળી જમીન નો વેંચાણ દસ્તાવેજ તા. ૦૨/૦૬/૨૦૧૧ ના રોજ કરવામાં આવેલ છે, જે આંક-૫૬ થી રજુ કરવામાં આવેલ છે. જયારે વાદીએ હાલનો દાવો તા. ૨૩/૧૦/૨૦૧૨ ના રોજ દાખલ કરવામાં આવેલો છે. ધી લીમીટેશન એકટ ના શેડ્યુલ ના અર્ટીકલ ૫૬ અને ૫૯ મુજબ ત્રણ વર્ષ ની અંદર આવા પ્રકારનો દાવો દાખલ કરી શકે છે. જેથી વાદી નો દાવો સમય મર્યાદાની અંદર દાખલ કરવામાં આવેલો હોય, જેથી વાદી ના દાવાને સમય મર્યાદાની જોગવાઇઓનો બાધ નડતો ન હોવાનું ઠરાવવામાં આવે છે અને જેથી **મુદ્દા નં. ૫ નો જવાબ નકારમાં** ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૧ થી ૪</u>**

**(૨૪)** આ કામે મુદ્દા નં. ૧ થી ૪ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય, જેથી હકીકતો અને પુરાવાનું પુનરાવર્તન ટાળવા સારુ અને ચુકાદાને સંક્ષિપ્ત રાખવાના હેતુસર મુદ્દા નં. ૧ થી ૪ ના કારણો ની ચર્ચા એક સાથે કરવામાં આવે છે. હાલના કામે દાવાવાળી મિલકત મોજે નવાગામ, તા. ધોલેરા, જી. અમદાવાદ ની સીમ ના બ્લોક સર્વે નં. ૫૧ વાળી ખેતીની જમીન છે. સદર ખેતીની જમીન ના મુળ માલીક અંગે વારસાઇ નોંધ નં. ૪૨૧ આંક-૫૩ થી રજુ થયેલી છે જે

મુજબ ગુજ. તળશીભાઇ રામજીભાઇ નું તા. ૧૩/૦૨/૨૦૦૬ ના રોજ અવસાન થતાં તેઓના વારસદારો તરીકે ગુજ. કાળુભાઇ તળશીભાઇ તથા આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૪ નું નામ દાખલ થયેલુ છે. આ નોંધ તા. ૨૧/૦૭/૨૦૦૬ ના રોજ પ્રમાણિત થયેલી છે. આ વારસાઇ નોંધ બાબતે પક્ષકારોને કોઇ તકરાર નથી અને જેથી આ વારસાઇ નોંધ નિર્વિવાદીત છે. જેથી આ વારસાઇ નોંધ મુજબ દાવાવાળી મિલકત માં પ્રતિવાદી નં. ૧ થી ૪ તથા ગુજરનાર કાળુભાઇ તળશીભાઇ નો વારસદાર દરજ્જે હક્ક પ્રાપ્ત થયેલો છે. આ કામે આંક – ૫૪ થી કાળુભાઇ તળશીભાઇ નું મરણનું પ્રમાણપત્ર રજુ થયેલુ છે. જે પ્રમાણપત્ર મુજબ કાળુભાઇ તળશીભાઇ તા. ૧૨/૦૯/૨૦૧૦ ના રોજ ભાવનગર મુકામે સર.ટી. હોસ્પીટલ માં અવસાન પામેલા નું દર્શાવેલુ છે અને આ નોંધ તા. ૨૦/૦૯/૨૦૧૦ ના રોજ દાખલ કરાવવામાં આવેલી છે. કાળુભાઇ તળશીભાઇ અવસાન પામેલ હોવાની હકીકત અંગે પણ પ્રતિવાદીઓ દ્વારા કોઇ તકરાર લેવામાં આવેલી નથી.

**(૨૫)** આ કામે વાદીઓ દ્વારા પોતાની દાવા અરજી માં તથા વાદી નં. ૨ એ પોતાના આંક-૪૨ થી રજુ થયેલ સરતપાસ ના સોગંદનામા માં વાદીઓ ગુજરનાર કાળભાઇ તળશીભાઇ ના વારસદારો છે તેવુ જણાવેલ છે અને તેના સમર્થન માં આંક-૬૫ થી ગરીબી રેખા નીચે જીવતા કુટુંબ નું કૌટુંબિક કાર્ડ અસલ રજુ કરેલ છે જેમાં રંજનબેન કાળુભાઇ નું નામ કુટુંબના સભ્યો માં દર્શાવેલુ છે જેમાં અન્ય સભ્યો માં વાદી નં. ૨ થી ૪ ના નામ નો ઉલ્લેખ છે. આ કાર્ડ તા. ૦૧/૦૨/૨૦૧૧ ના રોજ એટલે કે દાવો દાખલ કર્યા ના આશરે દોઢ વર્ષ પહેલા ઈસ્યુ કરવામાં આવેલુ છે. આ કાર્ડ માં વાદીઓનું સરનામુ બાવળા મુકામે નું દર્શાવેલુ છે. આ ઉપરાંત આંક-૬૬ થી વાદી નં. ૨ નું જન્મ નું પ્રમાણપત્ર રજુ થયેલુ છે જે તા. ૩૦/૧૦/૧૯૯૬ ના રોજ નોંધણી થયેલાનું દર્શાવેલ છે જેમાં વાદી નં. ૨ ના પિતા તરીકે કાળુભાઇ તળશીભાઇ ના નામ નો ઉલ્લેખ છે. તેમજ આંક-૬૭ થી વાદી નં. ૩ ના જન્મનું પ્રમાપણત્ર રજુ કરવામાં આવેલુ છે. જેમાં નોંધણીની તારીખ ૧૮/૦૧/૧૯૯૯ દર્શાવેલી છે અને તેમાં વાદી નં. ૩ ના પિતા તરીકે કાળુભાઇ તળશીભાઇ ના નામ નો ઉલ્લેખ છે. તેવી જ રીતે આંક- ૬૮ થી વાદી નં. ૪ ના જન્મ નું પ્રમાણપત્ર રજુ થયેલુ છે જેમાં નોંધણીની તારીખ ૨૨/૧૧/૨૦૦૧ દર્શાવેલી છે અને તેમાં વાદી નં. ૪ ના પિતા તરીકે કાળુભાઇ તળશીભાઇ ના નામ નો ઉલ્લેખ છે. આ ઉપરાંત વાદી નં.૧ દ્વારા

આંક-૬૯ થી પોતાનું અસલ ચુંટણી કાર્ડ રજુ કરેલુ છે જેમાં વાદી નં. ૧ નું નામ રંજનબેન કાળુભાઇ દર્શાવેલુ છે. આ દસ્તાવેજો બાબતે પણ પ્રતિવાદી નં. ૭,૮ દ્વારા કોઇ તકરાર લેવામાં આવેલી નથી.

**(૨૬)** આ તબકકે વાદી નં. ૧ ની આંક-૪૨ લગત ની ઉલટતપાસ વંચાણે લેવામાં આવે તો, પોતે જણાવે છે કે, "મારા પતિનું અવસાન થયા બાદ મારે નવાગામના તલાટી કમ મંત્રી ને મળવા નું થયેલુ નથી. એ વાત ખરી છે કે આ દાવામાં મેં ગુજરનાર કાળુભાઇ નું પેઢીનામુ રજુ કરેલુ નથી. સાહેદ જણાવે છે કે પેઢીનામાનું સોગંદનામુ રજુ કરેલુ છે. એ વાત ખરી છે કે મારી દાવા અરજી માં તથા મારી સરતપાસ ના સોગંદનામા માં આ પેઢીનામાની કોઇ હકીકત જણાવેલી નથી." પ્રતિવાદી નં. ૭, ૮ તરફે ઉપરોકત તકરાર સીવાય વાદીઓ ગુજ. કાળુભાઇ તળશીભાઇ ના વારસદાર છે કે કેમ તે બાબતે કોઇ તકરાર લેવામાં આવેલી નથી. પ્રતિવાદી નં. ૭ અને ૮ તરફે પોતાની ઉલટતપાસ દરમ્યાન એવી તકરાર લેવામાં આવેલી છે કે તેઓએ આ કામે ગુજ. કાળુભાઇ તળશીભાઇનું પેઢીનામુ રજુ કરેલુ નથી. પરંતુ ગુજ. કાળુભાઇ તળશીભાઇ એ વાદી નં. ૧ ના પતિ હોવાની હકીકત ને નકારવામાં આવેલી નથી. આ કામે પ્રતિવાદી નં. ૧ થી ૬ વાદી ને સમર્થન કરતા હોય, તેઓ દ્વારા વાદી ની ઉલટતપાસ દરમ્યાન આવેલા સેલ્ફ સર્વીંગ સ્ટેટમેન્ટ ને અવગણવામાં આવે તો પણ આંક-૬૬, આંક-૬૭ અને આંક-૬૮ થી રજુ થયેલા વાદી નં. ૨ થી ૪ ના જન્મના પ્રમાણપત્રો તથા આંક-૬૫ થી રજુ થયેલ ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબનું કૌટુંબિક કાર્ડ તથા આંક-૬૯ થી રજુ થયેલ વાદી નં. ૧ નું ચુંટણીકાર્ડ વંચાણે લેવામાં આવે તો આ કામના વાદી નં. ૧ થી ૪ નાઓ ગુજરનાર કાળુભાઇ તળશીભાઇ ના વારસદારો હોવાનું ફલીત થાય છે અને વાદી નં. ૧ ના સોગંદ ઉપરના પુરાવાને આ દસ્તાવેજી પુરાવાથી સમર્થન પ્રાપ્ત થાય છે. જેથી આ કામના વાદીઓ ગુજરનાર કાળુભાઇ તળશીભાઇ ના વારસદારો હોવાની હકીકત પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી ના સિદ્ધાંત ના આધારે પુરવાર થતુ હોય, આ કામના **વાદીઓ ગુજરનાર કાળુભાઇ તળશીભાઇ ના વારસદારો હોવાનું ઠરાવવામાં આવે છે**.

**(૨૭)** હવે, આ કામે આગળ ચર્ચા કરવામાં આવે તો વાદીપક્ષ તરફે મહત્વની તકરાર એવી છે કે દાવાવાળી મિલકત માં ગુજ. કાળુભાઇ તળશીભાઇ નો હકક સમાયેલો હોવા છતાં પ્રતિવાદી

નં. ૨ નાએ ખોટુ સોગંદનામુ કરી ગુજરનાર કાળુભાઇ તળશીભાઇ અપરણીત નિ:સંતાન ગુજરી ગયા છે તેમજ તેઓના કોઇ વારસદાર નથી તેવુ સોગંદનામુ કરી ગુજરનાર કાળુભાઇ તળશીભાઇ નું નામ રેવન્યુ રેકર્ડ માંથી કમી કરાવી નાખેલ છે. આ સંબંધે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો આ કામે વાદી દ્વારા સદર હકીકત પુરવાર કરવા માટે પોતાના મૌખિક સોગંદ ઉપરના પુરાવા તથા રેવન્યુ ઓથોરીટી સમક્ષ થી મેળવેલ દસ્તાવેજી પુરાવાઓ ઉપર આધાર રાખેલ છે. આ કામે વાદી તરફે આંક-૮૨ થી નાયબ મામલતદારશ્રી ધોલેરા નાઓને તપાસવામાં આવેલ છે અને જેઓએ પોતાના પાસે રહેલ રેકર્ડ માંથી નોંધ નં. ૭૦૯ ની ખરીનકલ તથા સદર નોંધ પ્રમાણિત થયા અંગેના સાધનીક કાગળો ની ખરીનકલ રજુ કરવામાં આવેલી છે. જે અન્વયે આંક-૮૭ થી રજુ થયેલ નોંધ નં. ૭૦૯ વંચાણે લેવામાં આવે તો આ નોંધ મુજબ દાવાવાળી મિલકતના રેવન્યુ રેકર્ડ માંથી પ્રતિવાદી નં. ૧, ૩, ૪ નું નામ તથા ગુજરનાર કાળુભાઇ તળશીભાઇ નું નામ કમી કરવા માટેની નોંધ છે. આ નોંધ ના સાધનીક કાગળો વંચાણે લેવામાં આવે તો આંક- ૯૦ થી પ્રતિવાદી નં. ૨ સુરેશભાઇ તળશીભાઇ ની અરજી છે જેમાં આંક-૯૧ થી હકક કમી અંગે અરજદાર નો જવાબ રજુ કરવામાં આવેલો છે. જે હકક કમી ના અરજદારો માં આ કામના પ્રતિવાદી નં.૧, ૩ તથા ૪ ના અંગુઠાનું નિશાન છે, તથા તેમાં પ્રતિવાદી નં. ૧, ૩, ૪ ના અંગુઠાની ઓળખ આપનાર તરીકે આ કામના પ્રતિવાદી નં. ૨ સુરેશભાઇ તળશીભાઇ ની સહી છે. આ ઉપરાંત આ હકક કમી અંગેના જવાબના સાક્ષીઓ તરીકે પ્રતિવાદી નં. ૪ અને ૫ ની સહીઓ કરવામાં આવેલી છે. ત્યારબાદ આંક-૯૨ થી જે તે સમયના ગામ નમુના નં. ૭ અને ૧૨ અ ની નકલ રજુ કરવામાં આવેલી, તેની ખરીનકલ રજુ થયેલી છે. જેમાં દાવાવાળી જમીન ના રેવન્યુ રેકર્ડ માં પ્રતિવાદી નં. ૧ થી ૪ નું તથા કાળુભાઇ તળશીભાઇ નું નામ છે. આ ઉપરાંત આ નોંધ પ્રમાણિત કરવાની અરજી ના સમર્થનમાં આંક-૯૩ વાળુ પ્રતિવાદી નં.૨ નું નોટરી સમક્ષ નું સોગંદનામુ રજુ કરવામાં આવેલુ છે, જેમાં પ્રતિવાદી નં. ૨ નાએ સ્પષ્ટપણે સોગંદ ઉપર જાહેરાત કરેલી છે કે **"સદરહુ જમીનના કાળુભાઇ તળશીભાઇ સહમાલીક છે તેઓ તા. ૧૨/૦૯/૧૦ ના રોજ ભાવનગર મુકામે અપરીણીત ગુજરી ગયેલ છે. જેથી તેઓ નિ:સંતાન છે. ગુજરનાર ના સીધીલીટીના વારસદારોમાં સ.નં. ૫૧ વાળી ૭/૧૨ ની નકલ માં જે નામો હાલમાં ચાલે છે તેઓ જ છે. બીજા કોઇ વારસદારો નથી જેથી ગુજરનાર કાળુભાઇ**

**તળશીભાઇ નું નામ સદરહુ મીલકતમાંથી કમી કરવા નીયમ મુજબ આ સોગંદનામુ કરેલ છે.**" આ સોગંદનામુ પ્રતિવાદી નં. ૨ નાઓએ કરેલુ છે અને પ્રતિવાદી નં. ૩ નાઓ આ સોગંદનામાના સાક્ષી તરીકે છે. આ ઉપરાંત આંક-૯૪ થી કાળુભાઇ તળશીભાઇ નું મરણના પ્રમાણપત્ર ની નકલ રેવન્યુ ઓથોરીટી સમક્ષ રજુ કરવામાં આવેલી, તેમજ આ નોંધ પ્રમાણિત કરવા માટે પ્રતિવાદી નં. ૧, ૩ અને ૪ નું હકક કમી અંગેનું ડેકલેરેશન રજુ થયેલુ છે. જેમાં પ્રતિવાદી નં. ૧, ૩ અને ૪ નાઓએ મિલકત માં રહેલો પોતાનો લાગભાગ, હક, હિસ્સો, હિત પ્રતિવાદી નં. ૨ ની તરફેણ માં જતો કરેલ હોવાનું દર્શાવેલ છે. આ સાધનીક કાગળો મુજબ પ્રતિવાદી નં. ૧, ૩, ૪ નું નામ હકક જતો કરવાના કારણે રેવન્યુ રેકર્ડ માંથી કમી કરવામાં આવેલ છે અને ગુજ. કાળુભાઇ તળશીભાઇ બિનવારસ નિ:સંતાન અવસાન પામેલ છે તેવુ સોગંદ ઉપર પ્રતિવાદી નં. ૨ નાએ જાહેર કરતા કાળુભાઇ તળશીભાઇ નું પણ નામ રેવન્યુ રેકર્ડ માંથી કમી કરવામાં આવેલુ છે.

**(૨૮)** હવે, આ તબકકે પ્રતિવાદીઓના પક્ષનિવેદનો જોવામાં આવે તો પ્રતિવાદી નં. ૧ થી ૬ એવા બચાવ સાથે આવેલા છે કે તેઓએ હકક કમી અંગે કોઇ નોંધ કરાવેલ નથી તેમજ પ્રતિવાદી નં. ૨ જણાવે છે કે આંક-૯૩ થી રજુ થયેલ વિવાદીત સોગંદનામા માં તેઓની સહી નથી. આ તબકકે રજુ થયેલ મૌખિક પુરાવો જોવામાં આવે તો વાદી નં.૧ પોતાના આંક-૪૨ થી રજુ થયેલ સરતપાસ ના સોગંદનામા માં જણાવે છે કે આ ખોટુ સોગંદનામુ પ્રતિવાદી નં. ૨ નાએ પ્રતિવાદી નં. ૭, ૮ ની સાથે મેળાપીપણા માં કરી આપેલુ છે. વાદી નં. ૧ ની પ્રતિવાદી નં. ૧ થી ૬ ના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ નોંધવામાં આવેલી છે. સદર ઉલટતપાસ માં આ મુદ્દાઓને સુસંગત હકીકતો ધ્યાને લેવામાં આવે તો પોતે પોતાની ઉલટતપાસ દરમ્યાન એવુ જણાવે છે કે **"મને આજરોજ એક સોગંદનામાની ખરીનકલ બતાવવામાં આવે છે જે સોગંદનામુ મારા પતિ ગુજરી ગયા તેનું સોગંદનામુ છે. એ વાત ખરી છે કે આ સોગંદનામા માં મારા પતિના મરણ ની તારીખ હાથે થી લખવામાં આવેલી છે, પ્રીન્ટ થયેલી નથી. એ વાત ખરી છે કે આ સોગંદનામા માં તા. ૦૪/૦૨/૨૦૧૧ ના રોજ નો નોટરી નો સીકકો છે. એ વાત ખરી છે કે આંક-૫૬ વાળા દસ્તાવેજ માં ખરીદનાર તરીકે પ્રવિણસિંહ સુરુભા અને ભરતસિંહ હેમંતસિંહ છે તથા વેંચનાર તરીકે સુરેશભાઇ તળશીભાઇ છે. એ વાત ખરી છે કે તે**

**ફરીયાદ ના કામે મારે સુરેશભાઇ અને બહાદુરભાઇ સાથે સમાધાન થઇ ગયેલુ છે. એ વાત ખરી છે કે આંક-૫૬ વાળા દસ્તાવેજ માં વેંચાણ આપનાર તરીકે સુરેશભાઇ તળશીભાઇ સીવાય તળશીભાઇ રામજીભાઇ ના બીજા કોઇ વારસદારો નથી. એ વાત ખરી છે કે આ જમીન છેતરપીંડી થી પ્રતિવાદી નં. ૭ અને ૮ નાઓએ અમારી પાસેથી પડાવી લીધેલી છે.** ” આમ, ઉપરોકત વાદી નં. ૧ ની ઉલટતપાસ દરમ્યાન પ્રતિવાદી નં.૧ થી ૬ એવુ પ્રસ્થાપિત કરવા માંગે છે કે પ્રતિવાદી નં. ૭ અને ૮ નાઓએ છેતરપીંડી થી આ જમીન તેઓની પાસે પડાવી લીધેલી છે. સદર ઉલટતપાસ દરમ્યાન પ્રતિવાદી નં. ૨ નાઓની તકરારી સોગંદનમા માં સહી નથી તેવો બચાવ લેવામાં આવેલો નથી. વધુમાં આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૬ વાદી ને સમર્થન કરતા હોય, જેથી તેઓ તરફે વાદી ની ઉલટતપાસ દરમ્યાન જે હકીકતો રેકર્ડ ઉપર આવેલી છે તે સેલ્ફ સર્વીંગ સ્ટેટમેન્ટ એટલે કે વાદીના દાવાને અને પ્રતિવાદી નં. ૧ થી ૬ ના બચાવ ને સંયુકત રીતે મદદકર્તા સ્ટેટમેન્ટ છે. જેથી આવા પ્રકારના સેલ્ફ સર્વીંગ સ્ટેટમેન્ટ પુરાવામાં સ્વતંત્ર રીતે ગ્રાહય રાખી શકાય નહિં. જો પ્રતિવાદી નં.૨ એવુ કહેતા હોય કે આંક–૯૩ વાળા સોગંદનામા માં તેઓની સહી નથી, તો પછી વાદી નં. ૧ દ્વારા પ્રતિવાદી નં. ૨ સામે છેતરપીંડી કરવા માટે ની ફોજદારી ફરીયાદ કરવાનું શું કારણ હોઇ શકે? આ કામે પક્ષકારોના મૌખિક પુરાવાના આધારે એવી પણ હકીકત રેકર્ડ ઉપર આવેલી છે કે વાદી નં. ૧ એ પ્રતિવાદી નં. ૨ સામે ફોજદારી ફરીયાદ દાખલ કરેલી, જેમાં પ્રતિવાદી નં. ૨ સાથે સમાધાન કરી લીધેલ છે. આવી ફરીયાદ ની ખરીનકલ આંક-૧૧૮ થી રજુ થયેલી છે, જે વંચાણે લેવામાં આવે તો તેમાં વાદી નં. ૧ ફરીયાદી છે અને આ કામના પ્રતિવાદી ૨ અને ૩ આરોપી તરીકે દર્શાવેલા છે. આ ફરીયાદ મુજબ પણ આક્ષેપો પ્રતિવાદી નં. ૧ અને ૨ સામેના જ છે, જેમાં પ્રતિવાદી નં. ૭ અને ૮ સામે છેતરપીંડીના આક્ષેપો કરવામાં આવેલા નથી. ફોજદારી રાહે કરવામાં આવેલ કાર્યવાહી માં વાદી નં. ૧ એ પ્રતિવાદી નં. ૨ સાથે સમાધાન કરી લીધેલ હોવાથી અને તેને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ થયેલ હોવાથી આંક-૯૩ વાળુ તકરારી સોગંદનામુ પ્રતિવાદી નં. ૨ નાએ કરી આપેલ નથી તેવુ પુરવાર થઇ જતુ નથી. આ કામે વાદીપક્ષ તરફે રજુ થયેલ પુરાવા મુજબ પ્રતિવાદી નં. ૧, ૩ અને ૪ નાઓના રેવન્યુ ઓથોરીટી સમક્ષ ના જવાબના આધારે તેઓનું નામ કમી કરવાની નોંધ પાડવામાં આવેલી છે. તેમજ કાળુભાઇ તળશીભાઇ અપરણિત નિ:સંતાન હોવાનું સોગંદનામાના

આધારે જાહેર થતાં, કાળુભાઇ તળશીભાઇ નું નામ કમી કરવામાં આવેલ છે અને આ નોંધ નં.૭૦૯ પ્રમાણિત થયેલી છે. પ્રતિવાદી નં. ૧ થી ૪ નાઓએ નોંધ નં. ૭૦૯ બાબતે આજદીન સુધી કોઇ તકરાર લીધેલી નથી. આ નોંધ ના આધારે પ્રતિવાદી નં. ૧, ૩ અને ૪ નું નામ રેવન્યુ રેકર્ડ માંથી કમી કરવામાં આવેલુ હતુ. આવા સંજોગોમાં આ નોંધ નં. ૭૦૯ પ્રતિવાદી નં. ૧, ૩ અને ૪ ના નામ કમી અંગે બિનતકરારી હોવાથી ફાઇનલ ગણી શકાય તેમ છે. હવે, આ નોંધના આધારે જ દાવાવાળી જમીન ના રેવન્યુ રેકર્ડ માંથી કાળુભાઇ તળશીભાઇ નું નામ કમી કરવામાં આવેલુ છે. જેથી આંક-૯૩ વાળુ સોગંદનામુ રેવન્યુ ઓથોરીટી સમક્ષ રજુ થતા કરવામાં આવેલુ છે તે હકીકત પણ રેકર્ડ આધારીત પુરવાર છે. આંક-૯૩ મુજબ નુ સોગંદનામુ જોવામાં આવે તો અગાઉ ચર્ચા કરી તે મુજબ પ્રતિવાદી નં. ૨ નાએ આ સોગંદનામુ કરી આપેલ છે, જેમાં પ્રતિવાદી નં. ૩ નાઓ સાક્ષી તરીકે સહી કરી આપે છે. પ્રતિવાદી નં. ૨ આ તકરારી સોગંદનામા માં પોતાની સહી હોવાનું પોતાની આંક-૧૨૦ ની ઉલટતપાસ દરમ્યાન ઇન્કાર કરે છે, અને આ સોગંદનામુ તથા રેવન્યુ નોંધ નં. ૭૦૯ પ્રતિવાદી નં. ૭ અને ૮ નાઓએ પોતાની વગ વાપરી પડાવી લીધેલ હોવાનું જણાવે છે. પરંતુ જો પ્રતિવાદી નં. ૧ થી ૪ આવો બચાવ લેવા માંગતા હોય, તો આવી હકીકત પોતે પોતાના સ્વતંત્ર પુરાવાના આધારે પુરવાર કરવી પડે. આ તકરારી આંક-૯૩ વાળા સોગંદનામા માં પ્રતિવાદી નં. ૨ અને ૩ ની સહી નથી તે પુરવાર કરવા માટે પોતે હસ્તાક્ષર નિષ્ણાંત નો કોઇ અભિપ્રાય મેળવેલ નથી. તેવી જ રીતે પ્રતિવાદી નં. ૨ પોતે આંક-૫૬ વાળો વિવાદીત દસ્તાવેજ પણ પોતે કરી આપેલ નથી તેવુ જણાવે છે. આ તકરાર બાબતે પણ પ્રતિવાદી નં. ૨ એ આંક-૫૬ વાળા રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ માં પોતાની સહી ન હોવા મુજબનો ખંડનાત્મક પુરાવો રજુ કરેલો નથી. વળી પ્રતિવાદી નં. ૨ પોતાની પ્રતિવાદી નં. ૭ અને ૮ તરફે લેવામાં આવેલ ઉલટતપાસ માં ગોળગોળ જવાબ આપે છે, જે જોવામાં આવે તો પોતે જણાવે છે કે, "**રંજનબેન કાળુભાઇ ને હું ઓળખુ છું. રંજનબેન કાળુભાઇ એ મારી સામે ફોજદારી ફરીયાદ દાખલ કરેલી. શા માટે મારી સામે ફરીયાદ દાખલ કરેલી તે બાબતે પુછતા જણાવુ છું કે સર્વે નં. ૭૧ અને ૭૨ વાળી જમીન કાળુભાઇ એ વેંચી નાખેલી હતી અને સર્વે નં. ૭૧ વાળી જમીન પણ વેંચી નાખેલી તેમાંથી ભાગ લેવા માટે ફરીયાદ કરેલી, આ સર્વે નં. ૫૧ વાળી જમીન મેં વેંચેલી ન હતી.**" આ ઉપરાંત પોતે એવુ પણ જણાવે છે કે,

**"ભરતસિંહ હેમંતસિંહ ચુડાસમા ને હું ઓળખતો નથી. હું ભરતસિંહ હેમંતસિંહ ને કયારે મળેલો તે બાબતે પુછતા જણાવુ છું કે મારા ભાઇ ગુજરી ગયા પછી જેવી તેવી ઓળખાણ થયેલી, કેટલા વર્ષ પહેલા અને કઇ સાલમાં મળેલા તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે કાળુભાઇ ગુજરી ગયાની વારસાઇ મેં કરાવેલી છે. મારા ભાઇ કાળુભાઇ ગુજરી ગયા તેની વારસાઇ કોણે કરાવેલી તેની મને ખબર નથી. સર્વે નં. ૫૧, ૭૧ પૈકી અને ૭૨ વાળી વડીલોપાર્જીત જમીનો માં મારુ નામ વારસાઇ થી કયારે દાખલ થયેલુ તેની મને ખબર નથી"** આ ઉપરાંત, **"મને આંક-૯૩ વાળુ સોગંદનામુ બતાવવામાં આવે છે જેમાં જોઇને જણાવુ છું કે તેમાં લગાવેલ ફોટોગ્રાફ પણ મારો નથી અને સહી પણ મારી નથી. આંક-૯૩ વાળા દસ્તાવેજ માં મારા ભાઇ બહાદુરભાઇ તળશીભાઇ ની સહી છે કે કેમ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે રંજનબેને મારી સામે જે ફરીયાદ કરી તે ફરીયાદ ના આધારે મારે જેલ માં જવુ પડેલુ. ફરીયાદી રંજનબેને શેની ફરીયાદ કરી હતી તેની મને ખબર નથી."** ઉપરોકત ચર્ચા મુજબ પ્રતિવાદી નં. ૨ પોતાની ઉલટતપાસ માં પોતાના બચાવ માટે ખોટી હકીકતો સોગંદ ઉપર જણાવતા હોવાનું સ્પષ્ટપણે તરી આવે છે. પોતે સોગંદનામા માં પોતાનો ફોટો ન પણ ઓળખવાનો ઇન્કાર કરે છે. એક બાજુ કહે છે કે પોતે પ્રતિવાદી નં. ૮ ને ઓળખતા નથી, જયારે બીજી તરફ પોતે જણાવે છે કે પ્રતિવાદી નં.૮ ની સાથે પોતાના ભાઇ ના અવસાન બાદ ઓળખાણ થયેલી છે. પ્રતિવાદી નં. ૨ દ્વારા કરવામાં આવેલ આવુ કથન માની શકાય તેમ નથી કારણ કે આંક- ૭૭ થી રજુ થયેલ વેંચાણ દસ્તાવેજ કે જે તા. ૦૨/૦૮/૨૦૧૦ ના રોજ પ્રતિવાદી નં. ૧ થી ૪ તથા ગુજ. કાળુભાઇ તળશીભાઇ એ પોતાની મોજે નવાગામ, તા. ધોલેરા ના રેવન્યુ સર્વે નં. ૭૨ અને ૭૧ પૈકી ૨ વાળી ખેતીની જમીન યોગરાજસિંહ દિલીપસિંહ ની તરફેણ માં કરી આપેલ, તેમાં આ કામના પ્રતિવાદી નં. ૮ સાક્ષી તરીકે છે. પ્રતિવાદી નં. ૧ થી ૪ નાઓ સાથે પ્રતિવાદી નં. ૭ અને ૮ નાઓએ છેતરપીંડી કરેલી હોય તેવી કોઇ ફરીયાદ દાખલ કરવામાં આવેલ હોય તેવુ પણ રેકર્ડ ઉપર આવેલ નથી. પ્રતિવાદી નં. ૨ પોતાની આંક-૧૨૦ ની ઉલટતપાસ દરમ્યાન પોતે શા માટે ફરીયાદ કરી શકેલ નથી તેના કારણ માં એવુ જણાવેલ છે કે તેઓ ફરીયાદ આપવા માટે ગયેલા, પરંતુ તેઓનું કોઇએ સાંભળેલ નહિં. આવી કોઇ હકીકત પ્રતિવાદી નં. ૨ એ પોતાના જવાબમાં જણાવેલી નથી કે વાદીઓએ પોતાની દાવાઅરજીમાં પણ

જણાવેલી નથી. આવા સંજોગોમાં આવી હકીકત રેકર્ડ ઉપર લાવવાનો એકમાત્ર હેતુ વાદીઓ અને પ્રતિવાદી નં. ૧ થી ૪ નું મેળાપીપણુ છે, જે પ્રતિવાદી નં. ૭ અને ૮ વિરૂદ્ધ માં સ્વતંત્ર રીતે વંચાણે લઇ શકાય નહિં. આવા સંજોગોમાં પ્રતિવાદી નં. ૨ નાએ જ આંક-૯૩ વાળુ તકરારી સોગંદનામુ કરી આપી, ગુજરનાર કાળુભાઇ તળશીભાઇ ના વારસદારો હયાત હોવા છતાં તેઓ અપરણિત બિનવારસ અવસાન પામેલ છે તેવી ખોટી હકીકતો રેવન્યુ ઓથોરીટી સમક્ષ જાહેર કરી કાળુભાઇ તળશીભાઇ નું નામ રેવન્યુ રેકર્ડ માંથી કમી કરાવવા માટેની કાર્યવાહી કરેલ હોવાનું પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી ના સિદ્ધાંત આધારીત પુરવાર થયેલ છે.

**(૨૯)** પ્રતિવાદી નં. ૭ અને ૮ તરફે વાદી નં. ૧ ની ઉલટતપાસ દરમ્યાન એવી તકરાર લેવામાં આવેલી છે કે, તેઓએ દાવો દાખલ કરતા પહેલા નોંધ નં. ૭૦૯ ને ચેલેન્જ કરેલી નથી. પરંતુ આંક-૫૫ થી રજુ થયેલ નોંધ નં. ૭૦૯ વંચાણે લેવામાં આવે તો આ નોંધ તા.૨૩/૦૫/૨૦૧૧ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ, અને ત્યારબાદ તુરંત જ તા. ૦૨/૦૬/૨૦૧૧ ના રોજ વિવાદીત વેંચાણ દસ્તાવેજ નં. ૯૭૦/૨૦૧૧ રજીસ્ટર્ડ કરવામાં આવેલ છે. એટલે કે આ નોંધ અને વેંચાણ દસ્તાવેજ વચ્ચે નોંધપાત્ર સમય નથી, કે જેને રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ થતા પહેલા ચેલેન્જ કરી શકાય. ઉપરોકત ચર્ચા મુજબ દાવાવાળી મિલકત મોજે ગામ નવાગામ, તા. ધોલેરા, જી. અમદાવાદ ની બ્લોક સર્વે નં. ૫૧ વાળી ખેતીની જમીન માં વાદી નં. ૧ ના પતિ અને વાદી નં. ૨ થી ૪ ના પિતા ગુજ. કાળુભાઇ તળશીભાઇ નો હકક સમાયેલો હતો, અને તેઓના અવસાન બાદ દાવાવાળી મિલકત માં વાદીઓનો હકક પોષાય છે. આંક-૯૩ વાળા ખોટા અને ઉપજાવી કાઢેલી હકીકતો વાળા સોગંદનામા ના આધારે દાવાવાળી જમીન ના રેવન્યુ રેકર્ડ માંથી કાળુભાઇ તળશીભાઇ નું નામ કમી થવા માત્ર થી વાદીઓના હકક ને કોઇ અસર થતી નથી. આ દાવાવાળી મિલકત અંગે કરવામાં આવેલ આંક-૫૬ વાળો રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ સહમાલીક કાળુભાઇ તળશીભાઇ અથવાતો તેઓના વારસદારો વાદીઓએ પ્રતિવાદી નં. ૭ અને ૮ ની તરફેણ માં કરી આપેલ ન હોય, જેથી વાદીઓનો દાવાવાળી મિલકત માં સહમાલીક દરજ્જે ગુજ. કાળુભાઇ તળશીભાઇ ના વારસદારો દરજ્જે હકક, હિત, હિસ્સો પોષય છે તેવુ ઠરાવવામાં આવે છે અને જેથી **મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં** ઠરાવવામાં આવે છે.

(૩૦) આ કામે પ્રતિવાદી નં. ૧ થી ૪ નો જવાબ જોવામાં આવે તો પ્રતિવાદી નં. ૭ અને ૮ નાઓએ તેઓની સાથે છળકપટ કરી ખોટુ સોગંદનામુ ઉપજાવી કાઢી, પ્રતિવાદી નં. ૧, ૩ અને ૪ ના નામ રેવન્યુ રેકર્ડ માંથી કમી કરાવી પ્રતિવાદી નં. ૨ ની ખોટી સહી ઉપજાવી કાઢી વાદીઓના હકક હિત ડુબાડી દઇ વેંચાણ દસ્તાવેજ કરાવી લીધેલ છે તે પ્રકારના આક્ષેપો કરવામાં આવેલા છે. જયારે પ્રતિવાદી નં. ૭ અને ૮ નો બચાવ એ મતલબનો છે કે પોતે શુદ્ધબુદ્ધિના ખરીદનાર છે અને દસ્તાવેજ સમયે કાળુભાઇ તળશીભાઇ ના વારસદારો હતા કે કેમ તે બાબતે તેઓને કોઇ માહિતી ન હતી. આંક-૮૭ થી રજુ થયેલ નોંધ નં. ૭૦૯ પ્રમાણિત કરવા માટે ના સાધનીક કાગળો વંચાણે લેવામાં આવે તો આંક - ૮૮ થી આંક-૯૫ સુધીના સાધનીક કાગળો માં પ્રતિવાદી નં. ૭ અને ૮ ની સહીઓ નથી. આ સાધનીક કાગળોમાં પ્રતિવાદી નં. ૧, ૩ અને ૪ ના અંગુઠાની ઓળખ આપનાર તરીકે પ્રતિવાદી નં. ૨ ની સહી છે, જયારે હકક કમી અંગે આંક-૯૧ વાળા જવાબ માં સાક્ષી તરીકે પ્રતિવાદી નં. ૫ અને ૬ ની સહીઓ છે. આ જ હકીકત વાદી તરફે આંક-૯૯ થી તપાસવામાં આવેલ સાહેદ નાયબ મામલતદારશ્રી, ઇ–ધરા શાખા, ધોલેરા શ્રી પ્રકાશકુમાર ખેમાભાઇ પટેલ નાઓની ઉલટતપાસ દરમ્યાન પણ રેકર્ડ ઉપર આવેલી છે. પ્રતિવાદી નં. ૭ અને ૮ આ કામના વાદીઓ ને દસ્તાવેજ પહેલાથી ઓળખતા હોય તેવુ રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરવામાં વાદી તથા પ્રતિવાદી નં. ૧ થી ૬ સદંતર નિષ્ફળ નિવડેલ છે. એટલે કે નોંધ નં. ૭૦૯ પ્રમાણિત કરાવવા માટે આ કામના પ્રતિવાદી નં. ૭ અને ૮ ઓએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઇ ભાગ ભજવેલ હોય તેવી હકીકત પુરવાર કરવામાં પ્રતિવાદી નં. ૧ થી ૬ સદંતર નિષ્ફળ નિવડેલ છે. તેવી જ રીતે વાદી નં. ૧ અને પ્રતિવાદી નં. ૨ તથા ૮ નો મૌખિક પુરાવો વંચાણે લેતા વિવાદીત આંક-૫૬ થી રજુ થયેલ વેંચાણ દસ્તાવેજ પ્રતિવાદી નં. ૧ થી ૪ સાથે છેતરપીંડી કરી પ્રતિવાદી નં. ૭ અને ૮ નાઓએ કરાવી લીધેલ હોવાની હકીકત પણ પુરવાર કરવામાં વાદી તથા પ્રતિવાદી નં. ૧ થી ૬ સદંતર નિષ્ફળ નિવડેલ છે. હવે, પ્રતિવાદી નં. ૮ નાઓ પોતાના આંક-૧૮ થી રજુ થયેલ લેખીત જવાબ માં પોતે શુદ્ધબુદ્ધિ ના ખરીદનાર છે તેવુ જણાવેલ છે અને પોતે પોતાની આંક-૧૨૬ થી સરતપાસ ના સોગંદનામા દરમ્યાન પણ આ હકીકતને વળગી રહેલ છે. આ સંદર્ભે પ્રતિવાદી નં. ૮ ની આંક-૧૨૬ ની સુસંગત ઉલટતપાસ વંચાણે લેવામાં આવે તો પોતે જણાવે છે કે, **"એ વાત ખરી છે કે હું જમીન લે–વેંચ નો**

**વ્યવસાય પણ કરુ છું. સાહેદ જણાવે છે કે જે તે સમયે કરતો ન હતો. એ વાત ખરી છે કે આ કામના બીજા પ્રતિવાદીઓને હું વ્યકિતગત રીતે ઓળખુ છું. સાહેદ જણાવે છે કે દસ્તાવેજ કર્યો ત્યારથી ઓળખુ છું. એ વાત ખરી છે કે પ્રવિણસિંહ સુરુભા કુટુંબ માં મારા ભાઇ થાય છે. એ વાત ખરી નથી કે હું વાદી રંજનબેન ને સારી રીતે ઓળખુ છું. સવાલ: નવાગામ કર્ણા નો સર્વે નં. જુનો ૫૧, નવો ૫૯ નો વેંચાણ દસ્તાવેજ તમે મારી જાતે તૈયાર કરેલો? જવાબ: ના. મેં દસ્તાવેજ લખનાર પાસે તૈયાર કરાવડાવેલો. આ જમીન ખરીદતી વખતે મેં જાહેર નોટીસ આપેલી નથી. મેં આ જમીન બાબતે ટાઇટલ કલીયર સર્ટીફીકેટ મેળવેલ નથી. આ જમીન ખરીદતી વખતે કોઇ નોંધો ની મેં જાતે ખરાઇ કરેલી કે કેમ તે બાબતે પુછતા જણાવુ છું કે આ જમીન ની નોંધો ની મેં જાતે ખરાઇ કરેલી હતી, અને ત્યારબાદ જમીન ખરીદેલી. સવાલ: આ જમીન ની ખરીદી કરી તેનો સ્ટેમ્પ તમે એ.ડી.સી. બેંક માંથી ફ્રેન્કીંગ કરી સહી કરી તમે જાતે લાવેલા. જવાબ: પ્રમોદભાઇ ને આ બાબતે કામ સોંપેલુ."** આ ઉપરાંત, **"એ વાત ખરી છે કે સર્વે નં.૭૧ પૈકી અને ૭૨ પૈકી વાળી નવાગામ કર્ણા વાળી ખેતીની જમીન મેં મારા નામ થી દસ્તાવેજ કરી ખરીદ કરેલ નથી. સાહેદ જણાવે છે કે મારા ભત્રીજા યોજરાજસિંહ દિલીપસિંહ ચુડાસમા એ ખરીદ કરેલ છે."** આ ઉપરાંત, **"એ વાત ખરી નથી કે ત્રણેય સર્વે નંબર બાબતે થયેલ પહેલુ બાનાખત ટેન્ટેટીવ આંક-૧૩૫ માં અમુબેન તળશીભાઇ અને તેમના તમામ વારસદારો ની સહીઓ લીધેલી હતી. સાહેદ જણાવે છે કે અમુબેન તળશીભાઇ અને કાળુભાઇ તળશીભાઇ ની જ સહી હતી. "** આ ઉપરાંત, **"હું કાળુભાઇ તળશીભાઇ ને મેં બાનાખત કરેલ તેના ચાર મહિના પહેલાથી ઓળખુ છું. મારે કયારેય કાળુભાઇ ના ઘરે જવાનું બનેલ નથી. સાહેદ જણાવે છે કે કાળુભાઇ મારે ત્યાં આવતા હતા. એ વાત ખરી નથી કે કાળુભાઇ ના લગ્ન થયેલા છે તેની મને ખબર હતી. એ વાત ખરી નથી કે મેં છેતરપીંડી કરી ને ખોટો દસ્તાવેજ કરેલો છે."**

**(૩૧)** હવે, ઉપરોકત ઉલટતપાસ આધારે એવી હકીકત રેકર્ડ ઉપર આવેલી છે કે, દાવાવાળી જમીન ખરીદતા પહેલા પ્રતિવાદી નં. ૭ અને ૮ નાઓએ જાહેર નોટીસ આપેલી નથી કે ટાઇટલ કલીયર સર્ટીફીકેટ મેળવેલ નથી. શું તેટલા માત્ર થી પ્રતિવાદી નં. ૭ અને ૮ બોનાફાઇડ પરચેઝર

નથી તેવુ ઠરાવી શકાય છે? આ કામે રેકર્ડ ઉપર નો પુરાવો સંયુકત રીતે વંચાણે લેવામાં આવે તો ટેન્ટેટીવ આંક-૧૩૫ થી રજુ થયેલ બાનાખત મુજબ આ કામના પ્રતિવાદી નં. ૧ અને ગુજ. કાળુભાઇ તળશીભાઇ નાઓએ દાવાવાળી જમીન સર્વે નં. ૫૧, તેમજ આ સીવાય ની બીજી બે મિલકતો મોજે નવાગામ, તા. ધોલેરા ના સર્વે નં. ૭૧ પૈકી અને સર્વે નં. ૭૨ વાળી જમીન વેંચાણ કરવા માટે પ્રતિવાદી નં. ૮ સાથે બાનાખત કરેલો છે. ઉલ્લેખનીય છે કે આ બાનાખત નવી શરત ની જમીન અંગેનો છે અને નોટરાઇઝ્ડ છે. તો શું આ બાનાખત પુરાવામાં વંચાણે લઇ શકાય નહિં? વાદીઓ તરફે રજુ કરવામાં આવેલ નામ. ગુજરાત હાઇકોર્ટ ના રમેશભાઇ બચુભાઇ સાંગાણી વિ. બીનાબેન લલ્લુભાઇ નથુભાઇ ઉર્ફે નારાયણભાઇ વા/ઓ. ડાહયાભાઇ પટેલ અને અન્ય ના ચુકાદામાં તેમજ નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા Decd Shaikh Ismailbhai Hushainbhai Through Lh Versus Vankar Ambalal Dhanabhai ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત મુજબ જયારે ગુજરાત ટેનેન્સી એન્ડ એગ્રીકલ્ચર લેન્ડ એકટ ની કલમ ૪૩ નો ભંગ થતો હોય, ત્યારે આવી નવી શરત ની જમીન બાબતે કરવામાં આવેલ વેંચાણ કરાર ગેરકાયદેસર નો છે અને જેથી આવો ગેરકાયદેસર કરાર સ્પેસીફીક રીલીફ એકટની જોગવાઇઓ મુજબ કરારના વિશેષ પાલન માટે અથવાતો વૈકલ્પીક દાદ તરીકે રકમ પરત મેળવવા માટે પુરાવામાં વંચાણે લઇ શકાય નહિં. આ દાવાના કામે મુદ્દો કરારના વિશેષ પાલન નો નથી, તેમજ વૈકલ્પીક દાદ અવેજ ની રકમ પરત મેળવવા માટેનો પણ નથી. આ કરાર ગેરકાયદેસર છે, તો અદાલત આ કરાર આધારે એટલુ અવલોકન કરી શકે છે કે પ્રતિવાદી નં. ૮ નાએ પ્રતિવાદી નં. ૧ તથા ગુજરનાર કાળુભાઇ તળશીભાઇ સાથે આવો ગેરકાયદેસર નો કરાર કરેલો. આ કરાર તા. ૨૬/૦૩/૨૦૧૦ ના રોજ થયા બાદ તા. ૦૨/૦૮/૨૦૧૦ ના રોજ પ્રતિવાદી નં. ૧ થી ૪ તથા ગુજરનાર કાળુભાઇ તળશીભાઇ નાઓએ ઉપરોકત કરાર વાળી જમીનો પૈકી દાવાવાળી જમીનો સીવાય ની બીજી બે મિલકત મોજે નવાગામ, તા. ધોલેરા ના રેવન્યુ સર્વે નં. ૭૨ અને ૭૧ પૈકી વાળી ખેતીની જમીન બાબતે નું રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ યોગરાજસિંહ દિલીપસિંહ ની તરફેણ માં કરી આપેલુ, જેમાં આ કામના પ્રતિવાદી નં. ૮ સાક્ષી તરીકે રહેલા. પ્રતિવાદી નં. ૮ પોતાની ઉલટતપાસ દરમ્યાન એવુ જણાવે છે કે, **આ જમીન ખરીદતી વખતે કોઇ નોંધો ની તેઓએ જાતે ખરાઇ કરેલી કે કેમ તે બાબતે પુછતા જણાવેલ છે કે આ જમીન ની નોંધો**

**ની તેઓએ જાતે ખરાઇ કરેલી હતી, અને ત્યારબાદ જમીન ખરીદેલી. પોતે એ હકીકત સ્વીકારેલી છે કે સર્વે નં.૭૧ પૈકી અને ૭૨ પૈકી વાળી નવાગામ કર્ણા વાળી ખેતીની જમીન પોતે પોતાના નામ થી દસ્તાવેજ કરી ખરીદ કરેલ નથી. જયારે ખુલાસો કરતા જણાવેલ છે કે તેઓના ભત્રીજા યોજરાજસિંહ દિલીપસિંહ ચુડાસમા એ ખરીદ કરેલ છે.** આ પુરાવા આધારે પક્ષકારોનું કન્ડક્ટ ધ્યાને લેવુ જરૂરી બની રહે છે. દાવાવાળી મિલકતના મુળ માલીકો એટલે કે આ કામના પ્રતિવાદીઓ તથા ગુજ. કાળુભાઇ તળશીભાઇ જે તે સમયે દાવાવાળી મિલકત વેચવા માંગતા હતા, અને જેથી પ્રતિવાદી નં. ૭ અને ૮ ને મળેલા. ઉપરોકત પુરાવા આધારે એ હકીકત ફલીત થાય છે કે પ્રતિવાદી નં. ૮ નાઓએ દાવાવાળી મિલકત ખરીદ કરતા પહેલા રેવન્યુ રેકર્ડ ઉપર આધાર રાખેલો છે. આ કામના પક્ષકારોની જ મુળ માલીકીની જમીન બાબતે સર્વે નં. ૭૧ પૈકી અને ૭૨ વાળી નવાગામ ની ખેતીની જમીન ના ટાઇટલ કલીયર હોવાથી તેનો દસ્તાવેજ આંક-૭૭ મુજબ તા. ૦૨/૦૮/૨૦૧૦ ના રોજ કરી લેવામાં આવેલ. આ આંક-૭૭ વાળા દસ્તાવેજ બાબતે આજદીન સુધી પ્રતિવાદી નં. ૧ થી ૪ અથવાતો વાદીઓએ કોઇ લીટીગેશન દાખલ કરેલા નથી, તેવુ રેકર્ડ ઉપર આવેલ છે. આ દસ્તાવેજ થયા બાદ એક માસ બાદ તા. ૧૨/૦૯/૨૦૧૦ ના રોજ સહમાલીક કાળુભાઇ તળશીભાઇ અવસાન પામેલા. ત્યારબાદ પ્રતિવાદી નં. ૨ નાએ પોતાના ભાઇ કાળુભાઇ તળશીભાઇ અપરીણિત બિનવારસ અવસાન પામેલા છે તેવુ સોગંદ ઉપર રેવન્યુ ઓથોરીટી સમક્ષ સોગંદ ઉપર જાહેર કરેલુ, જેથી તા. ૧૮/૦૨/૨૦૧૧ ના રોજ કાચી નોંધ દાખલ કરવામાં આવેલી અને ત્યારબાદ તા. ૨૩/૦૫/૨૦૧૧ ના રોજ આ નોંધ પ્રમાણિત કરવાનો હુકમ થયેલો. જેથી, ગુજરનાર કાળુભાઇ તળશીભાઇ ના કોઇ વારસદારો નથી તેવુ પ્રતિવાદી નં. ૨ નાએ રેવન્યુ ઓથોરીટી સમક્ષ સોગંદ ઉપર જાહેર કરેલ હોય, જે નોંધ પ્રમાણિત પણ થયેલી હોય, જે હકીકતો ના આધારે ટાઇટલ ની ખરાઇ કરી ને પ્રતિવાદી નં. ૭ અને ૮ નાઓએ આવો દસ્તાવેજ કરાવેલો છે, તેવુ માનવાને કારણ રહે છે. દાવાવાળી મિલકત અંગે પ્રતિવાદી નં. ૭ અને ૮ નાઓએ પ્રતિવાદી નં. ૨ ને વેંચાણ અવેજ ની રકમ ચુકવેલ નથી તેવો વાદી નો કેસ નથી. વાદીઓના પ્લીડીંગઝ મુજબ દાવાવાળી મિલકતના અવેજ પેટે ની કોઇ રકમ વાદીઓને ચુકવવામાં આવેલી નથી. અગાઉ ચર્ચા કરી તે મુજબ પ્રતિવાદી નં. ૧ થી ૪ સાથે પ્રતિવાદી નં. ૭ અને ૮ નાઓએ છેતરપીંડી કરી હોય, તેવુ

પ્રતિવાદી નં. ૧ થી ૪ પુરવાર કરી શકેલ નથી. પ્રતિવાદી નં. ૮ નાએ પોતાની ઉલટતપાસ માં જણાવ્યા મુજબ આંક-૫૬ થી રજુ થયેલ રજીસ્ટર્ડ દસ્તાવેજ માં સબરજીસ્ટ્રાર શ્રી સમક્ષ પ્રતિવાદી નં. ૨ નાએ દાવાવાળી મિલકત બાબતે તેઓને મળેલ અવેજ ની રકમ ની સ્વિકૃતિ પ્રતિવાદી નં. ૭ અને ૮ દ્વારા અવેજ ની રકમ ચુકવ્યા માટે નો પુરતો પુરાવો છે. આવા સંજોગોમાં પ્રતિવાદી નં. ૭ અને ૮ નાઓએ જમીન ખરીદ કરતા સમયે પોતે એક જ પક્ષકારો પાસેથી ખરીદ કરેલી ત્રણ મિલકતો ના રેવન્યુ રેકર્ડ નો અભ્યાસ કર્યા બાદ જ મિલકત ખરીદ કરેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે. પ્રતિવાદી નં. ૭ અને ૮ પીપળી ગામના રહીશ છે, જયારે પ્રતિવાદી નં. ૧ થી ૪ નવાગામ ના રહીશ છે. ગુજરનાર કાળુભાઇ તળશીભાઇ ના ઘરે પ્રતિવાદી નં. ૮ ને કયારેય જવાનું થયેલ ન હોવાનું પોતે પોતાની ઉલટતપાસ માં જણાવે છે અને તેથી વિરૂદ્ધ ની હકીકત વાદી અથવાતો પ્રતિવાદી નં. ૧ થી ૪ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. પ્રતિવાદી નં. ૮ વાદીઓને વિવાદીત દસ્તાવેજ પહેલાથી ઓળખતા હોય તેવુ વાદીપક્ષ અથવાતો પ્રતિવાદી નં. ૧ થી ૪ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આ કામે રજુ થયેલ દાવા અરજી તથા દસ્તાવેજી પુરાવાઓ આધારે તેમજ પક્ષકારોની ઉલટતપાસ એકસાથે વંચાણે લેવામાં આવે તો આ કામના વાદીઓ બાવળા મુકામે વાદી નં. ૧ ના માતા સાથે રહેતા હોવાનું રેકર્ડ ઉપર આવેલુ છે. કાળુભાઇ તળશીભાઇ નાઓ અપરીણિત નિ:સંતાન અવસાન પામેલા છે તેવુ પ્રતિવાદી નં. ૨ નાએ રેવન્યુ ઓથોરીટી સમક્ષ સોગંદ ઉપર જાહેર કર્યા બાદ અને અન્ય સહમાલીકોએ પોતાનો હિસ્સો પ્રતિવાદી નં. ૨ ની તરફેણ માં જતો કર્યા બાદ ગુજરનાર કાળુભાઇ તળશીભાઇ ના કોઇ વારસદારો છે કે કેમ તે બાબતે ખરાઇ કરવાનું પ્રતિવાદી નં. ૭ અને ૮ પાસે કોઇ કારણ રહેતુ નથી. જેથી ટાઇટલ સાથે માલીકી અંગેની યોગ્ય ખરાઇ કર્યા બાદ જ આંક-૫૬ વાળો વેંચાણ દસ્તાવેજ પ્રતિવાદી નં. ૭ અને ૮ નાઓએ કરાવેલ હોય, જેથી પ્રતિવાદી નં. ૭ અને ૮ શુદ્ધ બુદ્ધિના ખરીદનાર હોવાની હકીકત પુરવાર થયેલ હોય, જેથી **મુદ્દા નં. ૩ નો જવાબ નકારમાં** ઠરાવી **મુદ્દા નં. ૪ નો જવાબ હકારમાં** ઠરાવવામાં આવે છે.

**(૩૨)** ત્યારબાદ મુદ્દા નં. ૨ અંગે ચર્ચા કરવામાં આવે તો આ કામે ઉપરોકત ચર્ચા મુજબ એ હકીકત પુરવાર થયેલી છે કે વાદીઓ નો દાવાવાળી મિલકત માં સહમાલીક ગુજરનાર કાળુભાઇ તળશીભાઇ ના વારસદારો હોવા દરજ્જે કાયદેસરનો હકક, હિત, હિસ્સો સમાયેલો છે, તેમ

છતાં પ્રતિવાદી નં. ૨ નાઓએ ગુજ. કાળુભાઇ તળશીભાઇ અપરીણિત બિનવારસ અવસાન પામેલ છે તેવુ સોગંદનામુ કરી, ગુજ. કાળુભાઇ તળશીભાઇ નું નામ રેવન્યુ રેકર્ડ માંથી કમી કરાવી આંક-૫૬ વાળો વિવાદીત વેંચાણ દસ્તાવેજ નં. ૯૭૦ તા. ૦૨/૦૬/૨૦૧૧ ના રોજ કરી આપેલ છે. જેથી આ વિવાદીત દસ્તાવેજ ફ્રોડયુકત કરવામાં આવેલો હોવાની હકીકત પણ પુરવાર થાય છે. શું પ્રતિવાદી નં. ૭ અને ૮ શુદ્ધ બુદ્ધિના ખરીદનાર હોવાથી આ વેંચાણ દસ્તાવેજ રદ્દબાતલ ઠરાવતા અટકાવી શકાય છે? આ તબકકે પ્રતિવાદી નં. ૭ અને ૮ ના વિ.વ.શ્રી દલીલ કરતા જણાવે છે કે ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ ૪૧ મુજબ પ્રતિવાદી નં. ૭ અને ૮ શુદ્ધ બુદ્ધિના ખરીદનાર હોય, જેથી આવો વેંચાણ દસ્તાવેજ કલમ ૪૧ ના પરંતુક મુજબ રદ્દ થઇ શકે નહિં. આ તબકકે ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ ૪૧ વંચાણે લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

> 41. Transfer by ostensible owner.—
>
> Where, with the consent, express or implied, of the persons interested in immoveable property, a person is the ostensible owner of such property and transfers the same for consideration, the transfer shall not be voidable on the ground that the transferor was not authorised to make it:
>
> provided that the transferee, after taking reasonable care to ascertain that the transferor had power to make the transfer, has acted in good faith.

ઉપરોકત જોગવાઇઓ મુજબ પ્રતિવાદી નં. ૭ અને ૮ એ પુરવાર કરવુ જરૂરી છે કે દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવતા સમયે પ્રતિવાદી નં. ૨ ઓસ્ટેન્સીબલ ઓનર એટલે કે દેખીતા માલીક હતા. આવા વેંચાણ દસ્તાવેજ સમયે હિત ધરાવનાર વ્યકિત ની પ્રત્યક્ષ અથવાતો ગર્ભિત સહમતી હતી અને વાદીઓએ પોતાના હિસ્સાની મિલકત તબદીલ કરવા આ કામના પ્રતિવાદી નં. ૨ નાઓને પ્રત્યક્ષ રીતે અથવાતો પરોક્ષ રીતે સંમતિ આપવામાં આવેલી હતી અને જથી પોતે ઓસ્ટેન્સીબલ ઓનર એટલે કે દેખીતા માલીક હતા. આ હકીકત પુરવાર કરવા માટે પ્રતિવાદી નં. ૭ અને ૮ દ્વારા લેશમાત્ર પુરાવો રજુ કરેલો નથી. આવા સંજોગોમાં પ્રતિવાદી નં. ૨ ઓસ્ટેન્સીબલ ઓનર હોવાની હકીકત પ્રતિવાદી નં. ૭ અને ૮ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે, અને જેથી ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટ ની કલમ ૪૧ ની જોગવાઇઓ મુજબ નો લાભ મેળવવા હકકદાર હોવાનું પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે.

**(33)** આ તબકકે ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટ ની કલમ ૭ વંચાણે લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

> 7. Persons competent to transfer.—
> **Every person competent to** contract **and entitled to transferable** property, or authorised to dispose of transferable property not his own, is competent to transfer such property either wholly or in part, and either absolutely or conditionally, in the circumstances, to the extent and in the manner, allowed and prescribed by any law for the time being in force.

ઉપરોકત જોગવાઇઓ મુજબ જે વ્યકિત મિલકત તબદીલ કરવા માટે સક્ષમ અને હકકદાર નથી તેવા વ્યકિત મિલકત તબદીલ કરી શકે નહિં. આ તબકકે લીગલ મેક્ઝીમ વંચાણે લેવા જરૂરી છે, જે લો ઓફ ટ્રાન્સફર ના સામાન્ય સિદ્ધાંતો પર આધારીત છે. ***"nemo plus juris ad alium transferre potest quam ipse habet"***, તેનો અર્થ એ થાય છે કે **No person can transfer to another a better title or greater interest than he himself possesses.** આ કામે પ્રતિવાદી નં. ૨ ને દાવાવાળી મિલકત પૈકી પ્રતિવાદી નં. ૧, ૩ અને ૪ તરફે તબદીલ કરવાનો હકક મળેલો હતો, જેથી પોતે પ્રતિવાદી નં. ૧ થી ૪ ના હિસ્સા પુરતી મિલકત તબદીલ કરવા હકકદાર છે. પરંતુ સહમાલીક ગુજરનાર કાળુભાઇ તળશીભાઇ અને તેઓના અવસાન બાદ વાદીઓના હિસ્સાની મિલકત તબદીલ કરવાનો હક્ક ન હોવાથી પોતે દાવાવાળી મિલકત પૈકી વાદીઓના હિસ્સાની મિલકત તબદીલ કરવા પ્રતિવાદી નં. ૨ હકકદાર નથી. તેમ છતાં પ્રતિવાદી નં. ૨ નાએ સૌ–પ્રથમ ગુજરનાર કાળુભાઇ તળશીભાઇ અપરણીત નિ:સંતાન અવસાન પામેલા છે તેવુ સોગંદ ઉપર જાહેર કરેલ અને તેવુ જાહેર કરવામાં આ કામના પ્રતિવાદી નં. ૩ નાઓએ તેઓને મદદ કરેલી. આ કામના વાદીઓ ગુજરનાર કાળુભાઇ તળશીભાઇ ના વારસદારો છે અને તેઓ હયાત છે તેવુ જાણતા હોવા છતાં પ્રતિવાદી નં. ૨ અને ૩ નાએ રેવન્યુ ઓથોરીટી સમક્ષ ખોટુ સોગંદનામુ કરી કાળુભાઇ તળશીભાઇ નું નામ રેવન્યુ રેકર્ડ માંથી કમી કરાવેલ. ત્યારબાદ દાવાવાળી મિલકત પ્રતિવાદી નં. ૭ અને ૮ ની તરફેણ માં વેંચાણ દસ્તાવેજ કરી આપેલ છે. જેથી આ દસ્તાવેજ ફ્રોડયુકત અને ગેરકાયદેસરનો છે.

**(૩૪)** પ્રતિવાદી નં. ૮ ના વિ.વ.શ્રી દલીલ કરતા જણાવે છે કે વાદીઓ એ ખરેખર દસ્તાવેજ તેઓને બંધનકર્તા નથી તેવી દાદ માંગવાની જરૂરીયાત હતી અને સાથે સાથે પાર્ટીશન અને કબજો પરત મેળવવાની દાદ માંગવાની જરૂરીયાત હતી. તેવી દાદ વાદીઓ દ્વારા માંગવામાં આવેલ ન હોય, જેથી આ દસ્તાવેજ રદ્દ કરવા માટેની દાદ અપાવી શકાય નહિં. પ્રતિવાદી નં. ૮ ના વિ.વ.શ્રી દ્વારા પોતાની દલીલ ના સમર્થન માં નામ. સુપ્રીમ કોર્ટ ના રામ સરન અને અન્ય વિ. શ્રીમતિ ગંગા દેવી ના તેમજ નામ. સુપ્રીમ કોર્ટ ના વિજય ક્રિષ્ના વિ. કેશવ ચંદ્રા અને અન્ય ના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે. પરંતુ પ્રતિવાદી નં. ૮ ના વિ.વ.શ્રી ની આ દલીલ સાથે અદાલત સહમત નથી. પ્રતિવાદી નં. ૮ ના વિ.વ.શ્રી તરફે રજુ કરવામાં આવેલ ચુકાદાઓ માનપુર્વક વંચાણે લીધા. પરંતુ આ ચુકાદાઓ પ્રતિવાદી નં.૮ ના કેસ ને મદદરૂપ થઇ શકતો નથી. કારણ કે વાદીઓ એ પોતે દાવાવાળી મિલકત માં વારસાઇ દરજજે પોતાનો હિસ્સો પોષાય છે તેવી દાદ માંગેલી છે, તેમજ દસ્તાવેજ ગેરકાયદેસર નો હોવાથી રદ્દ કરવા માટે ની દાદ ની માંગણી કરેલી છે. જેથી વાદી દ્વારા ફકત ડેકલેરેશન સ્વરૂપ ની દાદ માંગેલી નથી, પરંતુ દાવાવાળી મિલકત માં પોતાનો હકક હિત, હિસ્સો પોષાય છે તેવી તેમજ ફ્રોડ આચરી કરવામાં આવેલ વેંચાણ દસ્તાવેજ રદ્દબાતલ ઠરાવવા માટે ની દાદ ની માંગણી કરેલી છે. જેથી આ ચુકાદાઓ પ્રતિવાદી નં. ૮ ના બચાવ ને મદદરૂપ થઇ શકતા નથી. ઉપરોકત ચર્ચા કરી તે મુજબ વાદીઓનો દાવાવાળી મિલકત માં હકક હિત, હિસ્સો પોષાય છે તેવુ અદાલત દ્વારા ઠરાવેલ છે. તદુપરાંત આંક-૫૬ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલ વેંચાણ દસ્તાવેજ વાદીઓના હકક હિત ને છુપાવી રાખી કરવામાં આવેલ હોવાથી ગેરકાયદેસર નો છે તે હકીકત પણ પુરવાર થયેલી છે. આવા સંજોગોમાં આ કામે આંક-૫૬ થી રજુ થયેલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ ગેરકાયદેસરનો હોય, અને વાદીઓ સાથે ફ્રોડ આચરીને વેંચાણ દસ્તાવેજ કરવામાં આવેલ હોય, જેથી વેંચાણ દસ્તાવેજ નં. ૯૭૦, તા. ૦૨/૦૬/૨૦૧૧ નો પ્રતિવાદી નં. ૨ એ પ્રતિવાદી નં. ૭ અને ૮ ની તરફેણ માં કરવામાં આવેલ દસ્તાવેજ ગેરકાયદેસર નો છે અને રદ્દબાતલ ઠરવા પાત્ર તેવુ ઠરાવવામાં આવે છે. જેથી **મુદ્દા નં. ૨ નો જવાબ હકારમાં** ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નં. ૬ : શું વાદી માંગ્યા મુજબ ની દાદ મેળવવા હકકદાર થાય છે?**

**(૩૫)** ઉપરોકત ચર્ચા કરી તે મુજબ મુદ્દા નં. ૧ અને ૨ પુરવાર કરવામાં વાદી સફળ થયેલા છે, જયારે મુદ્દા નં. ૪ પુરવાર કરવામાં પ્રતિવાદી નં. ૭ અને ૮ સફળ થયેલ છે. પ્રતિવાદી નં. ૧ થી ૪ મુદ્દા નં. ૩ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે. એટલે કે આ વિવાદીત દસ્તાવેજ સમયે ફ્રોડ આચરવામાં આવેલ છે જેમાં પ્રતિવાદી નં. ૨ નાએ પ્રતિવાદી નં. ૩ ની મદદ થી આ કામના વાદીઓની સાથે સાથે પ્રતિવાદી નં. ૭ અને ૮ સાથે પણ ફ્રોડ આચરેલુ છે તેવુ પુરવાર થાય છે. પ્રતિવાદી નં. ૨ ને વાદીઓના હિસ્સા પુરતી દાવાવાળી મિલકત તબદીલ કરવા હકક અધિકાર ન હોવા છતાં પ્રતિવાદી નં. ૨ નાએ વાદીઓના અવિભાજય હિસ્સા સાથે પ્રતિવાદી નં. ૭ અને ૮ ની તરફેણ માં વેંચાણ દસ્તાવેજ કરી આપેલ હોવાની હકીકત પુરવાર થયેલી છે. પ્રતિવાદી નં. ૧ થી ૪ નાઓએ તો પોતાના હિસ્સાની મિલકત પ્રતિવાદી નં. ૭ અને ૮ ને યોગ્ય અવેજ ની રકમ લઇ આક-પ઼ડ઼ વાળા રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરી આપેલ છે. પ્રતિવાદી નં. ૭ અને ૮ નાઓ પોતે શુદ્ધ બુદ્ધિ ના ખરીદનાર હોવાનું પણ રેકર્ડ ઉપર પુરવાર થયેલુ છે. વાદીઓ તરફે પોતે નામ. સુપ્રીમ કોર્ટ ના એસ.પી.ચેંગલવારયા નાયડુ વિ. જગન્નાથ, તા. ૨૭/૧૦/૧૯૯૩ ના તેમજ વીણા સીંગ (ડેડ) થ્રુ એલ.આર વિ. ધી ડીસ્ટ્રીકટ રજીસ્ટ્રાર/એડીશ્નલ કલકેટર (એફ/આર) અને અન્ય તેમજ પ્રેમ સીંગ અને બીજા વિ. બીરબલ અને અન્ય ના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે. ઉપરોકત રજુ કરવામાં આવેલા ચુકાદાઓ માનપુર્વક વંચાણે લીધા. સદર કેસના નિર્ણય સમયે કરવામાં આવેલ અવલોકનો સદર ચુકાદાઓ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલા સિદ્ધાંતો મુજબના જ છે અને અદાલત દ્વારા એવુ ઠરાવેલ છે કે વાદીઓ સાથે ફ્રોડ આચરવામાં આવેલ છે, તેમજ વિવાદીત દસ્તાવેજ ફ્રોડયુકત હોય, રદ્દબાતલ ઠરવા પાત્ર છે. આવા સંજોગોમાં વાદીઓ પોતે દાવાના કામે દાદ નં.૧૧(એ), ૧૧(બી) તથા અંશત: રીતે દાદ નં. ૧૧(સી) મેળવવા હકકદાર હોવાનું પુરવાર થયેલ છે. આ ઉપરાંત પ્રતિવાદી નં. ૭ અને ૮ ના હિતોનું રક્ષણ કરવુ પણ જરૂરી બની રહે છે. આ તબકકે ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટ ની કલમ ૪૪ વંચાણે લેવી જરૂરી છે જે નીચે મુજબ છે.

> 44. Transfer by one co-owner.—
> Where one of two or more co-owners of immoveable property legally competent in that behalf transfers his share of such property or any interest therein, the transferee acquires as to such share or interest, and so far as is necessary to give, effect to the transfer, the transferor's right to joint possession or other common or part enjoyment

of the property, and to enforce a partition of the same, but subject to the conditions and liabilities affecting at the date of the transfer, the share or interest so transferred. Where the transferee of a share of a dwelling-house belonging to an undivided family is not a member of the family, nothing in this section shall be deemed to entitle him to joint possession or other common or part enjoyment of the house.

ઉપરોકત જોગવાઇ મુજબ પ્રતિવાદી નં. ૧ થી ૪ નાઓએ પોતાના હિસ્સાની મિલકત પ્રતિવાદી નં. ૨ મારફત તબદીલ કરેલી હોય, જેથી તેઓનો દાવાવાળી મિલકત માં કોઇ હકક ઉત્પન્ન થતો નથી તે મતલબનો હુકમ કરવામાં આવશે તો પ્રતિવાદી નં. ૭ અને ૮ ના હિત નું ચોકકસપણે રક્ષણ થઇ શકશે તેવુ આ અદાલત માનવુ છે. આવા સંજોગોમાં વાદીઓ પોતે માંગ્યા મુજબ ની દાદ ૧૧(એ), ૧૧(બી) તથા અંશત: રીતે દાદ નં. ૧૧ (સી) મેળવવા હકકદાર હોવાનું પુરવાર થયેલ છે. આ ઉપરાંત પ્રતિવાદી નં. ૭ અને ૮ ના હિતને ધ્યાનમાં રાખતા દિવાની કાર્યરીતિ અધિનિયમ ની કલમ ૧૫૧ હેઠળ ન્યાયના વિશાળ હિતમાં પ્રતિવાદી નં.૭ અને ૮ ના હિતનું રક્ષણ કરવુ પણ જરૂરી બની રહે છે. આવા સંજોગોમાં ઉપરોકત ચર્ચા મુજબ **મુદ્દા નં. ૬ નો જવાબ અંશત: હકારમાં** ઠરાવી મુદ્દા નં. ૭ પરત્વે ન્યાયના હિત માં નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: <u>આખરી હુકમ</u> :-**

**૧)** વાદીઓનો દાવો આથી અંશત: મંજુર કરવામાં આવે છે.

**૨)** આ કામના વાદીઓ સ્વ. કાળુભાઇ તળશીભાઇનું અવસાન થતા સીધીલીટીના વારસદારો હોવાથી દાવાવાળી ખેતીની જમીન મોજે નવાગામ, તા. ધોલેરા ના સર્વે નં. ૫૧, વાળી ખેતીની જમીન માં કાયદેસર ના સહમાલીક છે તેવુ ઠરાવવામાં આવે છે.

**3)** આ કામના પ્રતિવાદી નં. ૨ નાએ તા. ૦૨/૦૬/૨૦૧૧ ના રોજ અનુક્રમ નં. ૯૭૦/૨૦૧૧ થી પ્રતિવાદી નં. ૭ અને ૮ ની તરફેણ માં દાવાવાળી મિલકત મોજે નવાગામ, તા. ધોલેરા ના સર્વે નં. ૫૧ વાળી ખેતીની જમીન બાબતે કરી આપેલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ ગેરકાયદેસરનો હોય, રદ્દબાતલ ઠરાવવામાં આવે છે.

**૪)** પ્રતિવાદી નં. ૧ થી ૪ નો હિસ્સો યોગ્ય રીતે રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ થી પ્રતિવાદી નં. ૭ અને ૮ ની તરફેણમાં તબદીલ થયેલ હોય, રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ નં. ૯૭૦/૨૦૧૧

રદ્દબાતલ ઠરવાથી દાવાવાળી મિલકત માં પ્રતિવાદી નં. ૧ થી ૪ નો હકક પુનઃસ્થાપિત થતો નથી તેવુ ઠરાવવામાં આવે છે.

**૫)** આ કામના પ્રતિવાદી નં. ૭ અને ૮ નાઓએ જાતે અગરતો તેમના માણસો, મુખત્યાર, એજન્ટ માફરતે દાવાવાળી મિલકત મોજે નવાગામ, તા. ધોલેરા ના રેવન્યુ સર્વે નં. ૫૧ વાળી ખેતીની જમીન વાદીઓના હિત ને નુકશાન થાય તે રીતે વેંચાણ, ગીરો, બાક્ષીસ કે અન્ય રીતે તબદીલ કરવી કરાવવી નહિં, તેમજ વાદીઓના હિતને નુકશાન થાય તે રીતે દાવાવાળી મિલકત ઉપર કોઇ બોજો ઉત્પન્ન કરવો કરાવવો નહિં, તેવો કાયમી મનાઇહુકમ ફરમાવવામાં આવે છે.

**૬)** વાદીઓને થયેલ ખર્ચ તેમજ અન્ય પ્રતિવાદીઓને થયેલ ખર્ચ પ્રતિવાદી નં. ૨ નાએ ભોગવવો તથા પ્રતિવાદી નં. ૨ નાએ પોતે પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

**૭)** સદર દાવાના કામે પક્ષકારો દ્વારા પાર્ટીશન ની દાદ માંગવામાં આવેલી ન હોય, વાદીઓ તથા પ્રતિવાદી નં. ૭ અને ૮ દાવાવાળી જરૂર પડયે મિલકત માં પોત પોતાનો હકક, હિત, હિસ્સો નકકી કરવા દાવો દાખલ કરી શકશે.

**૮)** હુકમ ની એક નકલ સ્પેસીફીક રીલીફ એકટ ની કલમ ૩૧(૨) ની જોગવાઇઓ અનુસાર સબ–રજીસ્ટ્રારશ્રી, ધોલેરા નાઓ તરફ મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**૯)** હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજરોજ, તા ૨૧ મી, માહે, જુલાઇ સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

Digitally signed by
LAKHANI PIYUSHKUMAR N
at Principal Civil Court, Dholera
on 21/07/2026 17:01:11 IST.

Date: 21/07/2026

Place: Dholera

**(Mr. Piyush Navinbhai Lakhani)**
Principal Civil Judge
Dholera, Dist. Ahmedabad(Rural)
Judge Code GJ01565